Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૧૦૫
તા.૨૧-૦૫-૨૦૧૭, રવિવાર
સંવત ૨૦૭૩ વૈશાખ વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૫:૫૮ સૂર્યાસ્ત : ૦૭:૧૬

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૧ | વડોદરા | ૪૧.૨ |
| અમદાવાદ | ૪૨.૪ | સુરત | ૩૪.૨ |
| ગાંધીનગર | ૪૩.૪ | નલિયા | ૩૫.૪ |

ચાંદી : ૩૯૨૦૦ સોનું : ૨૯૨૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# નર્મદાના નીરથી બનાસકાંઠા - કચ્છની સૂકી ભૂમિ હરિયાળી બની: રૂપાણી



### બટાટા - ટામેટાના વિપુલ ઉત્પાદનને જાળવવા વધુ ૬૦ કોલ્ડ સ્ટોરેજના નિર્માણની નેમ

### ખેડૂતો લોડ વધારો નિયમીત કરાવી શકશે : દંડનીય બિલ નહીં અપાય

### ડીસામાં બનાસકાંઠા અને પાટણ જિલ્લાનો કૃષિ મહોત્સવ - ૨૦૧૭ યોજાયો





ભરત સુંદેશા

ડીસા

દોઢ દાયકા અગાઉ ખેડૂતો બિયારણ, ખાતર, પાણી અને વીજળી વગર ટળવળતા હતા અને આંદોલનો કરતા હતા પરંતુ કૃષિ મહોત્સવ થકી તેનો અંત આવતા ગુજરાત દેશ હરીત ક્રાંતિનું પથદર્શક બની ગયું છે તેમ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના કૃષિ મહોત્સવ ૨૦૧૭ અંતર્ગત ડીસા પધારેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવી રણની કાંધીએ આવેલા બનાસકાંઠા, પાટણ, સુરેન્દ્રનગર અને કચ્છ સુધી નર્મદાના નીર પહોચાડી સૂકા મુલકોને હરીયાણા બનાવવાનું શ્રેય તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કૃષિ કલ્યાણ અભિગમને આપ્યું હતું. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે નરેન્દ્રભાઈ મોદીનો 'પર ડ્રોપ પર ક્રોપ' મંત્ર બનાસકાંઠાના ખેડૂતોએ બખૂબી અપનાવી લીધો છે તેથી જિલ્લો ટપક સિંચાઈમાં અગ્રેસર છે. તેથી બટાકા, દિવેલ, જીરૂં, દાડમ, મગફળી જેવા પાકોનું વિપુલ ઉત્પાદન થાય છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ખેડૂતો માટે ખેતીવિષયક સ્વૈચ્છિક જાહેરાત યોજના-૨૦૧૭ પણ આ અવસરે જાહેર કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની વિશદ ભુમિકા આપતાં કહ્યું કે, રાજ્યના ખેડૂતો પોતાના ખેતરમાં જે ઈલેકટ્રીક મોટર વાપરે છે તેના હોર્સ પાવર અંગે ઘણી વખત તેઓને જાણ હોતી નથી અને પાણીના તળ ઊંડા જવાના કારણે કે રોટર કે કોલમનો વધારો થવાના કારણે કે મોટરમાં કોઈ ખામીના કારણે ખેડૂતની મોટર નિયત લોડ કરતા વધારે લોડ લેતી હોય છે. જાણતાં અજાણતાં ખેડૂતો દ્વારા આવી ભૂલ થતી હોય તો ચેકીંગ સમયે તેમને દંડનીય બીલ આપવામાં આવતું હોય છે. આવા દંડની કાર્યવાહીમાંથી ખેડૂતોને મુક્તિ મળે તે માટે એક તક આપવામાં આવશે.

ખેડૂતો એક માસના સમયગાળામાં અરજી કરીને તેની મોટર કેટલો લોડ લે છે તેની ચકાસણી કરાવી શકશે. આવી ચકાસણી સમયે નિયત કરતા વધારે લોડ હશે તો પણ ખેડૂતને દંડનીય બીલ આપવામાં આવશે નહીં અને ખેડૂત લોડ વધારો નિયમિત કરાવી શકશે.

ગુજરાત એગ્રો ઈન્ડનસ્ટ્રીઝના કોલ્ડ સ્ટોરેજનું ઉદઘાટન કર્યા બાદ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે,બનાસકાંઠામાં ૫૦ કોલ્ડ સ્ટોરરેજની સંખ્યાબમાં વધારો કરીને ૧૫૦ કોલ્ડ સ્ટોરેજ બન્યાં છે. આગામી વર્ષોમાં બીજા ૬૦ વધુ કોલ્ડો સ્ટોરેજની સુવિધાઓ ઉપલબ્ધી થતાં ખેડૂતો દ્વારા બટાકા અને ટામેટાના વિપુલ ઉત્પાદનની જાળવણી અને પોષણક્ષમ ભાવો મળી રહે તેવી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવશે. ખેડૂતોના પાકોના રક્ષણ માટે રોજડા અને ભૂંડની સમસ્યાઓ નિવારવા કાંટાળા તારની વાડ માટે માર્કેટ યાર્ડ દ્વારા ૫૦ ટકા ખર્ચની સહાય અપાશે.

મુખ્યમંત્રીએ રાજય સરકારે મગફળી અને તુવેરના વિપુલ ઉત્પાદન થતાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો આપીને ટેકાના ભાવે રૂ.૯૦૦ કરોડની મગફળી અને રૂ.૬૫૦ કરોડની તુવેરદાળની ખરીદી કરી છે તેની ભુમિકા આપી હતી. ખેડૂતોની માંગણી વગર સરકાર ખેડૂતોના પાકોને બચાવવા વધુ સમય વીજળી આપે છે. બનાસકાંઠાના ખેડૂતોએ કૃષિ યુનિવર્સિટીના તજજ્ઞોના દ્વારા માર્ગદર્શન મેળવીને દાડમની ખેતી તરફ વળ્યા છે તેમ પણ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના આધુનિક ટેકનોલોજીથી કૃષિ ક્ષેત્રે સમૃધ્ધિૂ હાંસલ કરનાર શ્રેષ્ઠે ખેડૂતોને રોકડ પુરસ્કાર અને સન્માનપત્ર આપી સન્માન કર્યુ હતું.

કૃષિ મહોત્સવમાં વિશેષ ઉપસ્થિત રહેલા કેન્દ્રીય કાપડ મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ જણાવ્યું હતું કે, ભારત દેશને ધરતીપુત્રો અનાજ પુરૂં પાડે છે. ૧૩ વર્ષથી કૃષિ મહોત્સવના આયોજનની શરૂઆત વડાપ્રધાન નરેન્દ્રતભાઈ મોદીએ કરી હતી. કૃષિ અર્થતંત્ર અને કૃષિગ્રોથ વધારવામાં નોંધપાત્ર યોગદાન કૃષિ મહોત્સરવ થકી થયું છે. સોઈલ હેલ્થર કાર્ડની કલ્પોના કરવામાં ગુજરાતે દેશમાં પહેલ કરી હતી. છેલ્લાં ત્રણ વર્ષમાં દેશના છ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડથી સાંકળ્યા છે. બનાસકાંઠા હરિયાળો જિલ્લોવ બની રહયો છે. રૂા. ૫૦ હજાર કરોડના ૯૯ પ્રોજેકટ

અનુસંધાન પાના નં.૬





## કૃષિ મહોત્સવની સાથે સાથે

★ ડીસાના એરપોર્ટ ઉપર સવારે ૧૦ ક. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને કેન્દ્રિય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીનું હેલિકોપ્ટર દ્વારા આગમન
★ બંનેએ માર્કેટયાર્ડમાં ખુલ્લી જીપમાં બેસી કૃષિ પ્રદર્શન નિહાળ્યું
★ માળી સમાજે સ્વાગત માટે કરેલ 'ગેર' નૃત્યથી બંને પ્રભાવિત થયા
★ વિવિધ રાજકીય આગેવાનો અને પદાધિકારીઓ દ્વારાબંનેનું ભેટ-સોગાદો આપી હુંફાળુ સ્વાગત
★ કૃષિ મેળામાં લોકોને લાવવા બનાસકાંઠામાં ૨૩૦ અને પાટણ જિલ્લામાં ૭૦ બસો દોડાવાઈ
★ હવાઈ પિલ્લરથી આવતા ખેડૂતો અને લોકો સભા સ્થળે પહોંચ્યા
★ કૃષિ પ્રદર્શનમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ૩૪, ખાનગી કંપનીઓના ૩૬ અને સરદાર કૃષિ યુનિવર્સિટીના ૩૦ કૃષિ સ્ટોલ ઉભા કરાયા
★ સભા સ્થળે આયોજીત પશુ આરોગ્ય મેળામાં ૩૦ પશુઓની સારવાર
★ કૃષિ પ્રદર્શનમાં ખેડુતોને કૃષિની માહિતી પુસ્તિકાઓ અપાઈ હતી પરંતુ સભામાં લઈ ન જવાતા ખેડૂતોને બહાર ફેંકવી પડી
★ બનાસકાંઠા અને પાટણ જિલ્લાના કૃષિના ૠષિઓનું સન્માન
★ રાજ્ય સરકાર દ્વારા ડીસામાં બનેલા પ્રથમ કોલ્ડ સ્ટોરેજની તક્તિનું લોકાર્પણ
★ મુખ્યમંત્રીએ લીલી ઝંડી આપી બે મેડીકલ મોબાઈલ વાનનું પ્રસ્થાન કરાવ્યું
★ મુખ્યમંત્રીએ દાંતીવાડા ડેમમાં નર્મદાના નીર ઠાલવવાની કોઈ જાહેરાત ન કરતા ખેડૂતોમાં નિરાશા
★ સભા બાદ ખેડૂતો માટે પાલનપુર, પાટણ અને ભીલડી હાઈવે ઉપર ભોજનની વ્યવસ્થા

## કૃષિ મેળાનો વિરોધ કરતા કોંગ્રેસના ૨૦૦ કાર્યકરોની ધરપકડ



ડીસામાં મુખ્યમંત્રીના આગમન અગાઉ ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈની આગેવાની હેઠળ કોંગ્રેસના કાર્યકરો અને સંત અન્ના વ્હોળા વિસ્તારના રહીશો સરદાર બાગ પાસે એકઠા થયા હતા અને કાળા વાવટા ફરકાવી હાથમાં વિવિધ સ્લોગ્નો સાથે રેલી સ્વરૂપે ડૉ.આંબેડકરના પૂતળા તરફ પ્રયાણ કરી ભાજપની ખેડૂતો અને આમ પ્રજા વિરોધી નીતિ વિરૂધ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યો હતો. પરંતુ રસ્તામાં પોલીસે ૨૦૦ જેટલા કાર્યકરોની ધરપકડ કરી તમામને પોલીસ મથકે લઈ જવાયા હતા. જ્યાં ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યુ હતુ કે સિંચાઈ માટે પાણી અને પોષણક્ષમ ભાવો મળતા નથી અને રાજ્ય સરકાર કૃષિ મેળાના તાયફા કરી કરોડોનો ધૂમાડો કરે છે. તેનો અમારો વિરોધ છે. હકીકતમાં સરકાર ખેડુતોનું અને પ્રજાનું ભલું ઈચ્છતી હોય તો નક્કર જાહેરાતો કરે.

આ વિરોધ પ્રદર્શનમાં ધારાસભ્ય સાથે શહેર કોંગ્રેસ પ્રમુખ દિપકભાઈ પટેલ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ પી.વી.રાજગોર, જિ.પં. ડેલિગેટ પોપટજી, તાલુકા ડેલિગેટ મુેશભાઈ સોલંકી, પી.પી. ભરતીયા, સંજય દેસાઈ, સાગર દેસાઈ, રાજુભાઈ મહેશ્વરી, જગદીશભાઈ મોદી, રમેશ દેસાઈ, જયેશ દેસાઈ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.



## દરેક તાલુકાને નર્મદાના નીર અપાશે

દાંતીવાડા ડેમ ખાલી હોવાના કારણે જિલ્લામાં સર્જાયેલી પાણીની સમસ્યા અંગે મીડીયા દ્વારા પૂછાયેલ પ્રશ્નના જવાબમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતું કે જિલ્લામાં નહેર આધારીત વાવેતર થયું નથી. તેથી પાણીની કોઈ સમસ્યા નથી પરંતુ જે તાલુકાઓને નર્મદાનું પાણી મળતુ નથી. તેવા તાલુકાઓને નર્મદાનું પાણી મળે તે માટે સર્વે કરવા રાજ્ય સરકારે છ કરોડ ફાળવ્યા છે તેથી દરેક તાલુકાને નર્મદાના નીર ટૂંકા ગાળામાં મળતા થઈ જશે.





## અમદાવાદ સહિત રાજયમાં તીવ્ર ગરમીનું મોજુ અકબંધ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં કાળઝાળ ગરમીનું મોજુ અકબંધ રહ્યો છે. આજે પણ પારો ૪૨થી ઉપર રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૨.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૬.૭ ડિગ્રી નોંધાયું હતું. આજે રાજ્યના જે ભાગોમાં પારો ૪૨થી ઉપર રહ્યો હતો તેમાં અમદાવાદ ઉપરાંત ડીસા, ગાંધીનગર, ભાવનગર, સુરેન્દ્રનગરનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાએ પારો ઉંચી સપાટીએ રહેતા લોકો ગરમીના કારણે ત્રાહિમામ પોકારી ગયા હતા. આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. અમદાવાદ શહેરમાં બપોરમાં આજે પણ રસ્તા સુમસામ દેખાયા હતા.

## જોબ સેક્ટરનુ ચિત્ર મજબુત કરવા નરેન્દ્ર મોદીનો આદેશ

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર સત્તામાં ત્રણ વર્ષ પૂર્ણ કરવા જઈ રહી છે ત્યારે જોબ સેક્ટરને મજબુત કરવા મોદીએ આદેશ કર્યો છે. દેશમાં ઘટતી જતી નોકરીને લઈને ચિંતિત વડાપ્રધાન મોદી હવે જુદા જુદા મંત્રાલય સમક્ષ રોજગારીને લઈને વાત કરી રહ્યા છે. રોજગારીનુ ચિત્ર વધુ શાનદાર કરવાના પ્રયાસ કરવા કહેવામાં આવ્યુ છે. આ મુદ્દે વિપક્ષ સહિત સોશિયલ મિડિયા પર રહી રહેલી ટિકાને પણ ગંભીરતાથી લેવામાં આવી રહી છે. હાલના તમામ રિપોર્ટમાં રોજગારીની ઘટતી સંખ્યા અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. લેબર બ્યુરોના નવેસરના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે ગયા વર્ષે જોબ ગ્રોથ માત્ર એક ટકા રહ્યો છે.

જગ્યા ભાડે આપવાની છે
હોસ્પિટલ લાયક જગ્યા
(સર્જીકલ ગાયનેક માટે પ્રથમ પસંદગી)
ગાયત્રી મંદિર સામે, હાઇવે રોડ ટચ
અદાંજીત ૩૫૦૦ ચો.ફુટ, ફર્સ્ટ ફ્લોર
સંપર્ક : ૯૮૨૫૪૩૬૦૩૭

**સૂર્યોદય - ૫.૫૮ સૂર્યાસ્ત - ૭.૧૬**

## તિથિદર્શન
વૈશાખ વદ-૧૦ રવિવાર ૨૦૭૩

| | | | |
|---|---|---|---|
| ૩ | ૨ લ.સુ.મં. | ૧ બુ. | ૧૨ શુ. |
| ૪ | ૫ રા. | ૧૧ કે. | |
| ૬ ગુ. | ૮ | ૧૦ ચં. | |
| ૭ | | ૯ શ. | |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ વૈશાખ વદ :દશમ રવિવાર પંચક નક્ષત્ર:પૂર્વભાદ્રપદ બપોરે ૧૧.૧૨ પછી ઉ. ભાદ્રપદ યોગ:વિષ્કુંભ કરણ: બવ આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ.શ.ષ.સ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન
**- સુરેશ પ્રા.ભટ્ટ**

**ઉપાર્જિતાનાં હિ વિત્તાંના ત્યાગ એવ હિ રક્ષણમ્ વડોગોદર સંસ્થાનમ્ પરિવાહન ઈવાંભસામ્**

'તળાવમાં છલોછલ ભરેલાં પાણીને વહાવી દેવું પડે, જો એમ કરવામાં ન આવે તો અન્ય આવક (પાણીની) આવતાં તળાવ પર દબાણ વધે છે અને તળાવ ફાટે છે, તેવી જ રીતે માત્ર કમાઈ- કમાઈને એકત્રિત - સંચિત કરેલા ધનનો પણ દાન- પુણ્ય દ્વારા ધીમે-ધીમે ત્યાગ કરતા રહેવું એ જ સંચિત ધનનું રક્ષણ છે.

આજકાલ તો સરકારી અધિકારીશ્રીઓ, પ્રધાનશ્રીઓ આંખ મીંચીને એકત્ર કરવા લાગ્યા છે અને એ બધા પર આવકના સ્ત્રોત કરતાં વધારે છલોછલ તિજોરીઓ છલકાવા લાગી. પછી આ આવક પુત્ર- પુત્રીનાં લગ્નો, ઘરઆંગણે બાંધેલી ચાર- પાંચ 'ઓડી' જેવી ગાયો, પુત્રનું ઉડાઉપણું, બંગલા- જમીનો - ફિક્સઅ સોનું તો ખરું જ! અને દર- દાગીના- વીંટીઓ તો પુત્ર- પુત્રીના શરીર પર રાખવાનું જ્વેલરી બોક્સ!

આવું, મોતિયો આવેલી ઈન્કમટેક્ષવાળાની આંખે ભૂલથી પણ ચઢી જાય, છતાંય કોઈ ફરિયાદ કરે તો જે જેવી- તેવી તપાસના દરોડા પાડે ને તોપણ એમના હાથમાં વાંધાજનક કોઈ દસ્તાવેજ આવતા નથી. આ રતાંધળા અને મોતિયાવાળા સાહેબો પણ એવાને ગુનેગાર ઠેરવે, તપાસ ચાલે, કેસ ચાલે અને વર્ષો સુધી જામીન ભોગવી જીવતો હોય તો જ જેલમાં જાય! પણ શક્તિ કરતાં વધારે ઝરણાં આવે તો તળાવની પાળો તૂટે જ તૂટે- એટલે જેવી આવક હોય, કાળી, ધોળી, પીળી પણ એમાંથી દાણ- પુણ્ય ધર્મકાર્યો કરી 'વધારા'નું પાણી 'દરવાજા' ખોલી છોડવું જોઈએ, તો જ નવી આવક સચવાય!

## આપની આજ
**- કનકચંદ્ર છગનલાલ વ્યાસ**

**મેષ : (અ.લ.ઈ.) ગૃહવિવાદ ટાળવો. મહત્વની કામગીરીમાં વિલંબ થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) પ્રિયજન સાથે મિલન-મુલાકાત સફળ નીવડે. લાભની તક સાંપડે.**
**મિથુન : (ક.છ.ઘ.) ધીરજની કસોટી થાય. મહેનતનું ધાર્યું ફળ ન મળે.**
**કર્ક : (ડ.હ.) વ્યર્થ ખર્ચનો પ્રસંગ બને. માનસિક અશાંતિ અનુભવાય.**
**સિંહ : (મ.ટ.) આરોગ્ય અંગે ચિંતા અનુભવાય. નાણાંભીડ રહે.**
**કન્યા : (પ.ઠ.ણ.) આકસ્મિક લાભ મળે. મનની મુરાદ બર ન આવે.**
**વૃશ્ચિક :(ન.ય.) લાભની તક સાંપડે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.**
**તુલા : (ર.ત.) નાણાંકીય ચિંતા હળવી બને. ધીરજના ફળ મીઠા મળે.**
**ધન : (ભ.ફ.ધ.) જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. નાનો ખર્ચનો પ્રસંગ બને.**
**મકર : (ખ.જ.) મિત્રોની મદદ મળે. વ્યવસાયિક કાર્યમાં સફળતા રહે.**
**કુંભ : (ગ.શ.સ.) પુરૂષાર્થનું પૂરૂં ફળ મળે. નાણાંભીડ અનુભવાય.**
**મીન : (દ.ચ.જ.થ.) વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે. કૌટુંબિક વિસંવાદિતતા સર્જાય.**

## આજનો દિન મહાન
**- યશવંત કડીકર**

અજાણ્યા આટલાંટિક મહાસાગરમાં ઝંપલાવનાર, અમેરિકા ખંડ શોધનાર વિશ્વના મહાન પ્રવાસી તથા શોધ સફરી ક્રેસ્ટોફર કોલંબસની પુણ્યતિથિ છે. એમનો જન્મ ઈ.સ. ૧૪૫૧માં બિસ્લનમાં થયો હતો. ૮૦ માણસોના કાફલા સાથે શાન્તા મેરિયા, સોટન અને પીન્ટ ૫૦ ટનમાં ત્રણ વહાણો, એક ટનના નાના વહાણ સાથે એમનો આ શોધપ્રવાસ એમણે શરૂ કરેલો. ઈ.સ. ૧૪૯૨માં યુરોપથી સફરે ઊપડેલા કોલંબસને મહિનાઓની સફર પછી ઓક્ટોબરની ૧૨મી તારીખે મધ્યરાત્રિ પછી જમીન દેખાઈ. વહેલી સવારે કોલંબસ અને તેના બે કપ્તાનો માર્ટિન અને વિસેન્ટીએ નવા શોધેલા ટાપુ- 'સાનસાલ્વાડોર' (પાછળથી વોટલિંગ ટાપુ) પર પગ મુકી ધ્વજ રોપ્યો અને એમના સાહસિક જીવનનાં મંડાણ મંડાયા પછી 'ક્યૂબા' શોધી કાઢ્યું. આ સફર પ્રવાસ પછી તે જ્યારે સ્પેન પાછો ફર્યો ત્યારે તેનું ભવ્ય સ્વાગત થયું. આ મહાન સાહસવીરનું તા.૨૧/૫/૧૫૦૬ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસ:-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ધાનેરા નગરપાલિકા દ્વારા નવીન બોરનું લોકાર્પણ


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા શહેરમાં વોર્ડ નંબર ૨ માં નગરપાલિકા ધારા નવીન બોરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બોર રૂા. ૯,૪૦,૩૮૭ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો હતો.

ધાનેરાના ભીલવાસ, રાજપુત, ભરથરીવાસ વગેરેમાં થોડા સમયથી પાણીની સમસ્યા સર્જાઈ હતી. જેના નિવારણ માટે નગરપાલિકાએ નવીન બોર બનાવ્યો હતો. તેનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જે પ્રસંગે બ.કાં. ભાજપના ઉપ પ્રમુખ વસંતલાલ પુરોહિત, ભરતસિંહ ભટેસરીયા, નગરપાલિકા પ્રમુખ જગદીશભાઈ ઠક્કર, કાંતિભાઈ ત્રિવેદી, જગદીશભાઈ પટેલ, મહેન્દ્રભાઈ ઈન્દુબેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, બાબુભાઈ સુથાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પાલનપુર ખાતે મહિલાઓ માટે ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો યોજાશે

પાલનપુર

રોજગાર અધિકારી (વ્યો.મા.) પાલનપુર દ્વારા જણાવ્યા પ્રમાણે જિલ્લા રોજગાર વિનીમય કચેરી પાલનપુરના મોડેલ કેરીયર સેન્ટર દ્વારા તા.૨૬-૫-૨૦૧૭ ના રોજ આઈ.ટી.આઈ.ડેરી રોડ પાલનપુર ખાતે સવારે ૧૦ કલાકે મહિલાઓ માટે ખાસ ઔદ્યોગિક ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ પાસે ખાલી પડેલ વિવિધ જગ્યાઓ માટે ધો.૮ પાસ, એસ.એસ.સી., એચ.એસ.સી. અને સ્નાતક સુધીની લાયકાત ધરાવનારને સવેતન રોજગારી માટે ઈન્ટરવ્યુ આપવા માટેની ઉત્તમ તક છે.

બનાસકાંઠા જિલ્લાની મહિલાઓ ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવી પોતાનું ભવિષ્ય ઉજ્જવળ બનાવી શકે તે માટે આ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ખાનગી ક્ષેત્રના વિવિધ નોકરીદાતાઓ હાજર રહેનાર હોવાથી બનાસકાંઠા જિલ્લાની રોજગાર વાંચ્છુ મહિલાઓને ભરતીમેળામાં ભાગ લેવા જણાવાયું છે.

### ડીસાના કૃષિ મહોત્સવ ૨૦૧૭માં

# ભારત સરકારના કાપડમંત્રીએ કેન્દ્ર સરકારની ખેડૂતલક્ષી યોજનાઓની માહિતી આપી



પાલનપુર

કૃષિ સિંચાઈ યોજના (કે.એસ.વાય):- રાજ્યો સાથે કન્સલ્ટ કરીને (ચર્ચા કરીને) કૃષિ સિંચાઈ યોજના હેઠળ ૯૯ (નવાણું) યોજનાઓને પ્રાથમિકતા આપી છે. જે ડીસેમ્બર - ૨૦૧૯ સુધીમાં પુરી કરવાની છે. ફંડની વ્યવસ્થા આના માટે નાબાર્ડ દ્વારા કરવામાં આવેલ છે. ૪૪ (ચુમ્બાલીસ) યોજના માટે ભારત સરકારનો પ્રથમ હપ્તો ૨૦૧૬-૧૭ માં રીલીજ કરવામાં આવેલ છે. સરદાર સરોવર એ એક પ્રાથમિકતા વાળી યોજના છે. જેનો ખર્ચ રૂા.૧૩૮૫.૧૧ કરોડ છે. આ યોજના ૨૦૧૮ માં પૂર્ણ થવાની છે અને આ યોજના હેઠળ ૧૭૯૨ હેક્ટર જમીનમાં સિંચાઈ થશે. કૃષિ સિંચાઈ યોજના નીચે સરદાર સરોવર યોજના માટે ભારત સરકારે રૂા.૧૦૫૫.૩૫ કરોડ ૨૦૧૬-૧૭ માં રીલીઝ (આપ્યા) કર્યા છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રો (કે.વી.કે.) :- ટોટલ ૬૬૩ કૃષિ વીજ્ઞાન કેન્દ્રો દેશમાં કાર્યરત છે. ૨૦૧૬-૧૭ ના વર્ષમાં રૂા.૮૪૫.૬૨ કરોડ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો માટે ફાળવ્યા હતા. ૨૦૧૭-૧૮ ના નાણાંકીય વર્ષ માટે રૂા.૮૬૭.૬૦ કરોડ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોને ફાળવેલ છે. ટોટલ ૩૦ (ત્રીસ) કેવીકે (કૃષિ વિજ્ઞાન કેન્દ્રો) ગુજરાતમાં કાર્યરત છે. જામનગર, સુરેન્દ્રનગર, ભાવનગર, જુનાગઢ, વડોદરાને ટુંક સમયમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત થશે.

Soil Health Card (જમીન ગુણવત્તા કાર્ડ) (એસ.એચ.સી) :- જમીન ગુણવત્તા ચકાસણી કાર્ડએ નિરંત ચાલતી યોજના છે. જેના દ્વારા દરેક ખેડૂતને દર બે વર્ષે કાર્ડ આપવામાં આવે છે. ૧૪ કરોડ કાર્ડના લક્ષ્યાંક સામે ૬ કરોડ આસપાસ કાર્ડ વહેંચણી કરી દીધેલ છે. અને બાકીના કાર્ડ છપાવવાની કામગીરી પ્રોસેસમાં છે. (માર્ચ - ૨૦૧૭), ૨.૫૩ કરોડ સોઈલ નમુના સામે રાજ્યે ૨.૫૬ કરોડ નમુના એકત્ર કર્યા હતા અને તેમાંથી ૧.૭૫ કરોડ નમુનાનું પરીક્ષણ કરવામાં આવેલ જેમાં ૯.૬ કરોડ ધારકોનો સમાવેશ થયો છે. (ફેબ્રુઆરી-૧૭), ગુજરાતમાં ૨૪૨૬૨૨૯ જમીન ગુણવત્તા કાર્ડ આપેલ છે. જમીન ગુણવત્તા અંગેનો પ્રથમ વિચાર ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે આવેલ હતો. જમીન ગુણવત્તા કાર્ડની ગુજરાતમાં સફળતાએ ભારત સરકારને પ્રેરણા આપી જેના લીધે આખા દેશમાં તેઓ અમલ શરૂ થયો છે.

Soil Testing labs (જમીન ચકાસણી પ્રયોગશાળા) :- દેશમાં કુલ૧૪૬૦ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ છે. ગુજરાતમાં ૧૪૧ જમીન ચકાસણી પ્રયોગશાળાઓ કાર્યરત છે.

પ્રધાનમંત્રી પાક વીમા યોજના (પી.એમ.એફ.બી.વાય):- વર્ષ ૨૦૧૬ દરમિયાન કુલ ૩,૯૦,૦૨,૨૫૩ ખેડૂતોને ખરીફ સીઝનમાં પાકવીમાં યોજનામાં આવરી લેવામાં આવેલ. ગુજરાતમાં ૨૦૧૬ દરમિયાન કુલ ૧૮૪૨૩૫૫ ખેડૂતોને ખરીફ સીઝનમાં પાકવીમાં યોજનામાં આવરી લેવામાં આવેલ. પાક વીમાના પ્રિમીયમમાં ભારત સરકારે કુલ રૂા.૧૪૨૧૨.૧૧ કરોડ રકમની સબસીડી પ્રિમીયમ તરીકે આપેલ છે.

**અનુસંધાન પાના નં.૬**

# બટાટાના સતત ઘટતાં જતાં ભાવોના પગલે કોલ્ડ સ્ટોરેજમાંથી બટાટા નિકળવાના ઠપ્પ

## છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ધંધામાં નુકશાની ભોગવતા ખેડૂતો અને વેપારીઓ : ચાલુ વર્ષે નોટબંધી બાદ પણ બટાટાના ભાવમાં મહા મંદી યથાવત

પ્રતિ. વડાવળ

રાજ્ય સરકાર દ્વારા લાખો કરોડાના ખર્ચે થઈ રહેલા કૃષિ મહોત્સવની વચ્ચે પણ ખેડૂતોની હાલત કફોડી બની રહી છે ગત રોજ ડીસામાં રાજ્ય સરકાર દ્વારા યોજાયેલા કૃષિ મહોત્સવમાં જિલ્લાના ખેડૂતોને અનેક આશાઓ હતી. મુખ્યમંત્રી અનેક નવી યોજનાઓ સાથે જિલ્લાના ખેડૂતોને નર્મદાના નીર આપશે સાથે કૃષિ પેદાશોના ઘટતા ભાવની ચિંતા કરશે અને જિલ્લાના કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાના ભાવો અંગે પણ મુખ્યમંત્રી પાસે ખેડૂતોની મોટી અપેક્ષા હતી પણ તેમાંથી કોઈપણ જાહેરાત ન થતા કૃષિ મહોત્સવની ઉજવણી વચ્ચે ખેડૂતોની પરિસ્થિતિ 'જૈસે થે' છે.

> બટાટામાં પડતર ભાવ પણ ન મળતા રાજ્ય સરકાર દ્વારા જો બટાટાના ટેકાનો ભાવ જાહેર કરી ખેડૂતો સહિત વેપારીઓને બટાટાના વ્યવસાયમાંથી ઉગારવામાં આવે તેવી માંગ રહેલી છે.

ડીસા પંથકની આગવી ઓળખ ધરાવતા બટાટામાં છેલ્લા ત્રણ વર્ષથી થઈ રહેલી નુકશાનીના કારણે ખેડૂતો સહિત વેપારીઓની હાલત કફોડી થઈ જવા પામી છે. ચાલુ સિઝનમાં નોટબંધી બાદ બટાટાના ના ઘટેલા ભાવો યથાવત રહ્યા છે સિઝનમાં બટાટાના નીચા ભાવ હતા જેથી ખેડૂતો સહિત વેપારીઓએ સારા ભાવની આશાએ કોલ્ડ સ્ટોરેજમાં બટાટા મુકવાનું મુનાસીબ માન્યું હતું. પણ કોલ્ડ સ્ટોરેજમાં બટાટા મુક્યા બાદ ભાવ સતત ઘટતાં જતા મુડી ભાવ પણ અત્યારે મળી રહ્યો નથી. છેલ્લા પંદર દિવસથી તો બટાટા ભાવ સાવ ઘટી જતાં કોલ્ડ સ્ટોરેજમાંથી બટાટા નિકળવાનું પણ ઠપ્પ થઈ ગયું છે ડીસા સહિત જિલ્લામાંથી રોજની ૩૦૦ થી ૪૦૦ ગાડી બટાટા કોલ્ડ સ્ટોરેજમાંથી નિકળતા હતા પણ ભાવ ઘટતાં રોજની માત્ર ૪૦ થી ૫૦ ગાડી બટાટા બહાર નિકળી રહ્યા છે રાજ્ય સરકાર દ્વારા અગાઉ બટાટા માટે ટ્રાન્સપોર્ટ સબસીડી આપવામાં આવતી હતી જેથી ડીસાના બટાટા કર્ણાટક, મહારાષ્ટ્ર, તમિલનાડુ, આંધ્રપ્રદેશ જેવા રાજ્યોમાં નિકાસ થતા હતા પણ છેલ્લા મહિનાથી ટ્રાન્સપોર્ટ સબસીડી પણ બંધ કરી દેવામાં આવતા બહારના રાજ્યોમાંથી જતી ગાડીઓ પણ બંધ થઈ જવા પામતા


નરસિંહ દેસાઈ

**અનુસંધાન પાના નં.૬**

> રાજ્ય સરકાર દ્વારા ટ્રાન્સપોર્ટ ભાડુ બંધ કરવામાં આવતા કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, મહારાષ્ટ્ર જેવા રાજ્યમાં જતા બટાટા બંધ થયા જેના કારણે લોકલ માર્કેટમાં બટાટાની આવક વધતા પૂરતો ભાવો ન મળવા પગલે બટાટામાં મોટું નુકશાન ભોગવવામાં આવી રહ્યું છે.

> ડીસા ખાતે યોજાયેલ કૃષિ મેળામાં મુખ્યમંત્રીએ કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાની કોઈ વાત ન કરતા વધુ કોલ્ડ સ્ટોરેજ બનાવવાની સબસીડી વધારી વધુ નવા કોલ્ડ સ્ટોરેજ બનાવવા સરકાર પ્રોત્સાહીત કરશે પણ અત્યારે બનેલા કોલ્ડ સ્ટોરેજને ચલાવવા પણ મુશ્કેલી પડી રહી છે. તેની વાત ન કરતા મુખ્યમંત્રીને જિલ્લાની પરિસ્થિતિથી વાકેફ ન હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### જિલ્લાના ૨૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજની હાલત કફોડી

ડીસા સહિત જિલ્લામાં ૨૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજ આવેલા છે ત્યારે બટાટાના મંદીના કારણે કોલ્ડસ્ટોરેજ ચલાવવા સામે પણ અનેક મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે બેંકોની નીકળતી લોન ભરપાઈ કરવાના પણ ફાંફા પડી રહ્યા છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા વધુ નવા કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે પ્રોત્સાહીત કરવાના ભાગરૂપે સબસીડી વધારવામાં આવી રહી છે ત્યારે જુના ચાલુ કોલ્ડસ્ટોરેજ ને માટે રાજ્ય સરકાર કોઈક વિચારશે ખરા ? જુના ચાલુ કોલ્ડ સ્ટોરેજ ને ચલાવવાનું મુશ્કેલ પડી રહ્યુ છે. ત્યારે સરકારની નવી જાહેરાત શુ કોલ્ડસ્ટોરેજના ધંધાને વિકાસ કરશે ?

### બટાટાનો ધંધો મરણ પથારીએ

ડીસા એ બટાટાની નગરી તરીકે ઓળખાય છે ત્યારે છેલ્લા ત્રણ વર્ષથી બટાટાના ભાવમાં રહેલી મંદીના પગલે અનેક ખેડૂતો સહિત વેપારીઓ પણ મુશ્કેલીમાં મુકાયા છે બટાટાના ધંધા સાથે સંકળાયેલા કેટલાક વેપારીઓએ આપઘાત પણ કરવાનો વારો આવ્યો છે ત્યારે જો હજુ પણ બટાટાના ભાવોમાં કોઈ સુધારો નહી થાય તે અનેક ખેડૂતો સહિત વેપારીઓને આપઘાત કરવા મજબૂર બનવુ પડશે તેવી પરિસ્થીતિ જોવા મળી રહી છે અને આગામી સમયમાં બટાટાનો ધંધો પણ મંદીમાં સપડાતા મરણ પથારીએ જોવા મળી રહ્યો છે.

### જિલ્લાની નબળી નેતાગરીના કારણે ખેડૂતોની અવદશા

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોની હાલત દીનપ્રતિદિન ખરાબ થતી જોવા મળી રહી છે જિલ્લાની નબળી નેતાગીરી ના કારણે ખેડૂતોના પ્રશ્નો રાજ્ય સરકાર સુધી પહોંચતા નથી અને રાજ્ય સરકાર પણ ખેડૂતોના પ્રશ્નોને આંખ આડા કાન ધરે છે. બનાસકાંઠા જિલ્લામાં ઘટતા જતા ભુગર્ભ જળના પગલે જિલ્લાના જળાશયોમાં નર્મદાના પાણીથી ભરવામાં આવે ઉપરાંત જિલ્લાના સૌથી વધુ આવેલા કોલ્ડ સ્ટોરેજમાં પડેલા બટાટાના ઘટતા ભાવો સામે પગલાં લેવામાં આવે વગેરે અનેક પ્રશ્નો ખેડૂતોને રહેલા છે તેમ છતાં જિલ્લાની નબળી નેતાગીરીના કારણે રાજ્ય સરકાર સુધી ખેડૂતોના પ્રશ્નોની રજુઆત ન થતા ડીસા ખાતે યોજાયેલ કૃષિ મેળામાં પણ ખેડૂતોના પ્રશ્નો વિશે નિરાશા સાંપડી છે.

### પાલનપુરનો આનંદ મેળો વિવાદના વમળમાં

# સંચાલકો અને તંત્રની મિલીભગતના આક્ષેપ

## ફરિયાદી એ પાંચ દિવસ અગાઉ કલેકટરને ફરિયાદ કરી છતાં કોઈ તપાસ ન થઈ હોવાની રાવ

પાલનપુર

પાલનપુર શહેરના રામલીલા મેદાનમાં આવેલા આંનદ મેળાની મંજૂરીમાં ગેરરીતિ આચરાઈ હોવાની રાવ ઉઠી છે. મેળાના સંચાલકોએ તંત્રની મિલી ભગતથી મંજૂરી કરતા વધારે જગ્યા મેળા માટે વાપરી લાખોનું કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ ઉઠી છે. વળી, રામલીલા મેદાનની બાજુ માંજ ડોક્ટરો ની હોસ્પિટલો આવેલી છે. ત્યાં જ મેળાના સંચાલકો દ્વારા ખાણી પીણીના સ્ટોલ ઉભા કરાયા છે. આ જગ્યાએ બાયો મેડિકલ વેસ્ટ નખાતો હોવાની ચર્ચા વચ્ચે મેળો મહાલવા આવતા લોકોના જન આરોગ્ય સાથે ચેડાં થવાની દહેશત વ્યક્ત થઈ રહી છે.



પાલનપુર શહેરમાં વેકેશનના પગલે આનંદ મેળા નું આયોજન કરવામાં આવ્યું છે. જોકે, મેળાની શરુવાત પહેલાજ મેળો વિવાદમાં આવી ગયો છે. જેને લઈ જિલ્લા કલેકટર કચેરીમાં આ માંમલે લેખિત ફરિયાદ કરી તપાસ ની માંગ કરવામાં આવી છે. ફરિયાદી દિપક સોનીનું માનીએ તો મેળાને ૨ હજાર ચોરસ મીટરની મંજૂરી આપવામાં આવી છે. જોકે, મેળામાં વિસ્તારની દ્રષ્ટિએ એનાથી પણ વધુ જગ્યાનો ઉપયોગ કરી ને સરકારની આંખમાં ધૂળ નાખવામાં આવી રહી છે.

આ અંગે ફરિયાદીએ પાંચ દિવસ આગાઉજ લેખિત ફરિયાદ કરીને જીલા કલેક્ટર કચેરીની મનોરંજન શાખાનું ધ્યાન દોર્યું હતું.જોકે, મનોરંજન શાખાના બાબુઓએ આ મામલે હજુ તપાસ કરી ન હોવાના આક્ષેપો થતા કલેક્ટર કચેરીની મનોરંજન શાખાની કામગીરી સામે પણ શંકા કુશંકાઓ થઈ રહી છે.

### કૃષિ સેમિનાર અને પ્રદર્શનને વ્યાપક પ્રતિસાદ

# ખેડુતોને માર્ગદર્શન માટે કૃષિ સ્ટોલ અને કૃષિ ગોષ્ઠી યોજાઇ

ડીસા

કૃષિ,સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ અને સ.દાં.કૃષિ યુનિવર્સિટી, સરદાર કૃષિનગરના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦/૦૫/૨૦૧૭ ના રોજ એ.પી.એમ.સી, ડીસા ખાતે એક દિવસીય કૃષિ સેમિનાર અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલ. જે કાર્યક્રમનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી, વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ભારત સરકારના મંત્રી સ્મૃતિ ઈરાની અને હરીભાઈ ચૌધરી તેમજ ગુજરાત રાજ્યના કેબીનેટ મંત્રી ચીમનભાઈ સાપરીયા, દિલીપકુમાર ઠાકોર, રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી, કેશાજી ચૌહાણ, રોહિતભાઈ પટેલ, પ્રિન્સીપાલ સેક્રેટરી, કૃષિ અને સહકાર, સંજય પ્રસાદ, પશુપાલન સેક્રેટરી મુરલી પ્રસાદ, સ.દાં.કૃષિ યુનિવર્સિટીના માન. કુલપતિ પ્રો.(ડૉ.) અશોક એ. પટેલ, સંસદ સભ્ય ધારાસભ્ય, જિલ્લા પંચાયતના પ્રમુખ વગેરે ઉપસ્થિત રહેલ હતા.



પાટણ અને બનાસકાંઠા જિલ્લાના સદર સંયુક્ત કાર્યક્રમમાં કુલ ૨૯૨૧૧ ખેડૂત ભાઈ- બહેનોએ ભાગ લીધેલ. આ પ્રસંગે ખેડૂતોને માર્ગદર્શન મળી રહે તે માટે સ.દાં.કૃષિ યુનિવર્સિટીના ૩૦ સ્ટોલ, રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ૩૦ સ્ટોલ અને કૃષિ ક્ષેત્રે સંકળાયેલ ખાનગી કંપનીઓના ૪૦ સ્ટોલ ગોઠવવામાં આવેલ. વધુમાં સ.દાં. કૃ.યુ. દ્વારા ખેડૂતોને સ્થળ પર જ માર્ગદર્શન મળી રહે તે હેતુથી કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવેલ. તેમજ ડેરી, પશુપાલન અને સહકાર વિષયને આવરી લેતા સેમીનારનું પણ આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમ અન્વયે સ્વાગત પ્રવચન દિલીપ રાણા (જિલ્લા કલેક્ટર) દ્વારા કરવામાં આવેલ. અતિથિ વિશેષ પદેથી મંત્રી શંકરભાઈ ચૌધરીએ ખેડૂતોને સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવી પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા જણાવેલ અને આવનારા દિવસોમાં બનાસકાંઠા જિલ્લાને ઈઝરાયેલ જેવો બનાવવા આહવાન કરેલ. કૃષિ મંત્રી, ચીમનભાઈ સાપરિયાએ રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાનો લાભ લઈ ખેતીમાં અમુલ પરિવર્તન લાવવા ખેડૂતોને અનુરોધ કર્યો. ભારત સરકારના મંત્રી સ્મૃતિ ઈરાનીએ જણાવેલ કે આજથી દસ વર્ષ અગાઉ આ રાજ્યના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ મહોત્સવની શરૂઆત કરેલ.

**અનુસંધાન પાના નં.૬**

# ધો-૧૦ ના પરિણામની તારીખ વોટ્સઅપમાં ખોટી પ્રસરતાં વાલીઓમાં તાલાવેલી

તા.પ્રતિનિધિ થરા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત માર્ચ ૨૦૧૭ માં લેવાયેલ ધો.૧૦ એસ.એસ.સી. ધો.૧૨ એચ.એસ.સી. (સામાન્ય પ્રવાહ) ના પરિણામની તાલાવેલી વાલીઓ-વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. ત્યારે ગઈકાલે વૉટ્સઅપમાં કોઈકે ટીવી ન્યૂઝ ચેનલની સ્ક્રીન તથા કોઈ અખબારના કટીંગ પેપર સાથે ધો.૧૦ નું પરિણામ ૨૪ મે ના રોજ જાહેર થશે. તેવી વાત ફેલાવવા પ્રયત્ન કરતાં 'વા વાયો ને નળીયું ખસ્યું' જેમ તે પછી આ મેસેજ સતત એકથી બીજા મિત્રો ગૃપમાં વૉટસઅપ પર ફરતાં જે બાબતની પૂછપરછ શરૂ થઈ હતી. પરંતુ બોર્ડ તરફથી આવી કોઈ તારીખની જાહેરાત કરી નથી. આ મેસેજ ગત મો.૨૦૧૬ ના હોવાનું માલુમ પડ્યું હતું. શિક્ષણ બોર્ડ દ્વારા ટુંક સમયમાં જ ધો.૧૦ અને ધો.૧૨ ના પરિણામની જાહેરાત થશે. તેના ધો.૧૨ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહનું પરિણામ પહેલાં જાહેર થશે જે લગભગ ૨૫ મે થી ૩૦ મે વચ્ચે અને ધો.૧૦ નું પરિણામ જુનના પ્રથમ સપ્તાહમાં જાહેર થાય તેવું? સંભાવના છે. ગઈકાલે બપોર પછી ધો.૧૦ ના પરિણામના ઈન્તજારીનો અંત વૉટ્સઅપ મેસેજ 'ફેક' હતા તેવું જાણવા મળે છે.

# 'વૈશ્વિક વિકાસ માટે ભારત માર્ગદર્શક' - ડો. અકિવુમી અદેસેનિયા

### વર્ષ ૨૦૧૮ સુધીમાં ભારત અને આફ્રિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૦૦ બિલિયન ડોલર થશે




અમદાવાદ

આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કના પ્રેસિડેન્ટ ડો. અકિવુમી અદેસેનિયાએ આજે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે મહત્વપૂર્ણ પગલાં ભર્યાં છે, જે વિકાસશીલ દેશો માટે ઉદાહરણરૂપ છે. ભારતના વડાપ્રધાન તરીકેના ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન શ્રી મોદીએ ઉભરતા અર્થતંત્રતરીકે ભારતને મજબૂત સ્થિતિમાં મૂક્યું છે અને વિશ્વના વિકાસ માટે ભારત માર્ગદર્શક બન્યું છે, તેમ આફ્રિકનડેવલપમેન્ટ બેન્કના પ્રેસિડેન્ટ ડો. અકિવુમી અદેસેનિયાએ જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે આફ્રિકન ડેવલપમેન્ટ બેન્ક ભારતમાં સૌપ્રથમવાર ગુજરાતના ગાંધીનગરમાં મહાત્મા મંદિરકોન્ફરન્સ સેન્ટર ખાતે ૨૨થી ૨૬ મે, ૨૦૧૭ દરમિયાન ૫૨મી વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરી રહી છે.બેન્ક ગ્રુપ માટે દર વર્ષે મહત્વપૂર્ણ નિર્ણયો લેવાના આ કાર્યક્રમમાં નાણા પ્રધાનો અને ૫૪ રિજનલ મેમ્બર કન્ટ્રીઝ(આરએમસી)ની મધ્યસ્થ બેન્કના ગવર્નર, ૨૬ નોન-રિજનલ મેમ્બર કન્ટ્રીઝ, બહુપક્ષીય નાણાકીય સંસ્થાઓ,ડેવલપમેન્ટ એજન્સીઝ, ખાનગી ક્ષેત્ર, બિન-સરકારી સંસ્થાઓના ૪,૫૦૦થી વધુ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. "ભારતની માફક આફ્રિકનખંડ પાસે સમૃદ્ધ અને અદ્ભુત વૈવિધ્યતા છે. ભારત અને આફ્રિકા સમાન લેન્ડસ્કેપ, વસાહતીનો ઈતિહાસ અનેતુલનાત્મક આર્થિક અને વસ્તીવિષયક પડકારો ધરાવે છે. આ વિશેષતાઓ ભારત અને આફ્રિકાને સાથે મળીને કામ કરવા, વીજળી અને ઉર્જાના ઉત્પાદનમાં ભાગીદારી કરવા, કૃષિ સંબંધિત ઔદ્યોગિકરણ અને ફુડપ્રોસેસિંગમાં સાથે મળીને કામ કરવા પ્રોત્સાહિત કરે છે. આ કરવા માટે આપણે માળખા, પ્રાદેશિક ઈન્ટિગ્રેશન,ઉદ્યોગોના નિયમન, રોજગાર સર્જન, સ્વાસ્થ્યમાં સુધારો અને નવીનીકરણ માટે સહયોગ કરી શકીએ. હુંભારતીય સહભાગીઓ સાથે વિશાળ તકો અને સહયોગની સંભાવનાઓ જોઉં છું અને સાથે મળીને આપણે લાખો લોજીના જીવનમાં પરિવર્તન લાવી શકીશું."

આફ્રિકાની પ્રિમિયર ડેવલપમેન્ટ ફાયનાન્સિયલ ઈન્સ્ટિટ્યુશન આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કમાં ૫૪ રિજનલ મેમ્બરનેશન અને ૨૬ નોન-રિજનલ મેમ્બર્સનો સમાવેશ થાય છે, જે હાઈ ૫ સોશિયલ ડેવલપમેન્ટનો સરળ અને પરિવર્તનશીલ સંદેશો ફેલાવે છે, જેમાં લાઈટ અપ આફ્રિકા, ફીડ આફ્રિકા, ઈન્ડસ્ટ્રિયલાઈઝ આફ્રિકા, ઈન્ટિગ્રેટ આફ્રિકા અને ઈમ્પ્રુવ ધ ક્વોલિટી ઓફ લાઈફ ધ પીપલ ઓફ આફ્રિકાનો સમાવેશ થાય છે.

## ઢીમા નગરે દિવસમાં દસ વખત વિજળી ‘ડુલ’

# કાળઝાળ ગરમીમાં ભક્તો અને ગ્રામજનો પરેશાન


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ

વાવ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ ઢીમા નગરને થરાદ ખાતેના આઝાદ ફીડર માંથી જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજ પૂરવઠો ફાળવવામાં આવ્યો છે. આઠ હજારની સંખ્યા ધરાવતા ઢીમા ખાતે આગામી તા.૩૦/૫/૨૦૧૭ થી ૫/૬/૨૦૧૭ દરમિયાન સાત દીવસીય ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ યોજાનાર છે. જેમાં ગુજરાતભરમાંથી દાદાના ભક્તો ઉમટી પડનાર છે. પ્રતિષ્ઠા મહોત્સવને લઈને તડામાર તૈયારીએ ચાલી રહી છે. ત્યારે સતત છેલ્લા ચાર દીવસથી ઢીમા નગરે દીવસમાં ૧ કલાકના અંતરે દશવખત વીજપૂરવઠો ખોરંભે ચડે છે.

આ બાબતે જાણવા મળતી માહીતી અનુસાર થરાદથી ઢીમા ખાતે આવતી વીજલાઈનને કેનાલ પાસે બાવળોના ગીચઝુંડના લીધે વાયરો અથડાય છે. જેથી કરીને વીજળી ડૂલ થાય છે. સત્વરે થરાદ જી.ઈ.બી. તંત્ર જાગૃત બની વીજવાયર પાસેના બાવળોનું કટીંગ કરાવે તેજ લોક હીતમાં છે. નહીતર આગામી ટૂંક સમયમાં ચોમાસુ શરૂ થનાર હોઈ વાવાઝોડાની પરિસ્થિતિમાં અકસ્માત સર્જાશે તો જવાબદારી કોની ? વધૂમાં ઢીમા ખાતે શરૂ થનાર મહોત્સવ પ્રસંગે જી.ઈ.બી. તંત્ર વીજળી પૂરવઠા બાબતે ગ્રામજનોને પરેશાન ન કરે તેવી સમગ્ર ઢીમા નગરજનોની માંગ છે પ્રસંગને ધ્યાનમાં લઈ તા.૩૦/૫/૨૦૧૭ તા.૫/૬/૨૦૧૭ દરમિયિાન સતત ચોવીસ કલાક વીજપૂરવઠો ફાળવાસ જેથી ઉનાળાની કાળઝાળ ગરમીમાં ભાવિ-ભક્તોને સુવિધા મળી રહે.

## પાલનપુરમાં તસ્કરોનો તરખાટ

# મારુતિ કોમ્પલેક્ષમા ૭ ઓફિસના તાળા તૂટ્યા


સંજય જોશી

પાલનપુર

પાલનપુરમાં વધતી જતી ગરમીના પ્રકોપ વચ્ચે તસ્કરોએ તરખાટ મચાવતા ૭ ઓફિસના તાળાં તોડતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના મારુતિ કોમ્પલેક્સમાં તસ્કરો ત્રાટકયા હતા. જેઓ ૨ ઓફિસોમાંથી ૫૫ હજારની રોકડ રકમની ચોરી કરી હતી. આ ઉપરાંત ATM કાર્ડમાથી તસ્કરોએ ૨૫ હજાર ઉઠાવ્યા હોવાના પણ અહેવાલ સાંપડ્યા છે.

છાશવારે આ કોમ્લેક્સ તસ્કરોના નિશાના પર હોય છે. જોકે, આ વખતે ડીસા ખાતે પોલીસ સી.એમ.ના બંદોબસ્તમાં વ્યસ્ત હોઈ મોકાનો લાભ ઉઠાવતા તસ્કરોએ ૭ ઓફીસના તાળાં તોડી પોલીસને પડકાર ફેંકતા મારુતિ કોમ્પલેક્સના વેપારીઓની ઊંઘ હરામ થઇ ગઇ છે.

# બનાસકાંઠામાં કાતિલ ગરમીથી જનજીવન પ્રભાવિત થઈ ઉઠ્યું

### હજુ ‘હીટવેવ’ જળવાઈ રહેવાની આગાહી



ડીસા

ડીસા સહિત બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગના વિસ્તારમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીથી ઉપર પહોંચતા જનજીવન પર વ્યાપક અસર જોવા મળી રહી છે. જિલ્લામાં કાળઝાળ ગરમીનું મોજું ફરી વળતા દિવસભર લોકોને ઘરમાં પુરાઈ રહેવાની ફરજ પડી છે સતત ટ્રાફીકથી ધમધમતા હાઈવે સહિત શહેરના રસ્તાઓ પણ સુમસામ થઈ ઉઠી છે. બપોરના ગાળામાં ગરમીના પ્રકોપનો જોરદાર અનુભવ થઈ રહ્યો છે જેથી લોકો ગરમીથી બચવા માટે જુદા જુદા પ્રયોગો કરી ઠંડક મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે બીજી તરફ ગરમીના પગલે પશુ પંખીઓની હાલત કફોડી થવા પામી છે તેમાંય કેટલાક અબોલ પશુઓ માટે આકરી ગરમી જીવલેણ સાબિત થઈ શકે છે પશુ-પંખીઓ ઉનાળાની ગરમીમાં પાણી માટે ફાંફા મારતા જોવા મળી રહ્યા છે આથી સ્વૈચ્છીક સંસ્થાઓ દ્વારા ઉનાળાની ગરમીમાં પશુ-પંખીઓ માટે પાણીની વ્યવસ્થા કરતા જોવા મળી રહ્યા છે સુરજદેવ વહેલી સવારે ઉગતાની સાથે જ તપવા લાગતા મોડી સાંજ સુધી ગરમીનો તીવ્ર અનુભવ થઈ રહ્યો છે જેના કારણે લોકો હજુ આગામી દિવસોમાં પણ ગરમીનું પ્રમાણ યથાવત રહેવાની હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. જેથી હજુ પણ લોકોને ગરમીથી રાહત મળવાની કોઈ શક્યતા જણાતી નથી.

# ધાનેરામાં ઉજાલા યોજનાના સ્ટોલને ખંભાતી તાળાં

### ધરમના ધક્કા ખાતા લોકોની કફોડી હાલત


એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ઉત્તર ગુજરાત વિજ કંપનીમાં કાર્યરત ઉજાલા યોજનાના સ્ટોલ છેલ્લા ત્રણ મહિનાથી બંધ છે. તેથી બગડેલા બલ્બ બદલવા અને પંખા ખરીદવા લોકો ધરમના ધક્કા ખાય છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનં સપનું હતું કે સમગ્ર ભારતમાં વીજળીની જેમ બને તેમ બચત કરવામાં આવે તે અંતર્ગત દરેક તાલુકા દીઠ ઉજાલા યોજના અંતર્ગત અલગ અલગ સ્ટોલ બનાવવામાં આવ્યા હતા. જેમાં વિજળીની બચત કરતા એલ.ઈ.ડી. બલ્બ, પંખા, ટ્યુબ લાઈટ વગેરે સ્ટોલમાં ઉપલબ્ધ હોય છે. જે લોકો ખરીદે છે. પણ આ ઉજાલા યોજનાના સ્ટોલ હાલમાં ફક્ત ‘શોભાના ગાંઠીયા’ સમાન બની ગયા છે. કોઈ જગ્યાએ સ્ટોલ તો ચાલુ છે તો તેમાં પંખાઓ પણ ઉપલબ્ધ નથી. જેમાં ધાનેરા ખાતે આવેલા સ્ટોલને સતત ત્રણ મહિનાથી ખંભાતી તાળા લાગેલા જોવા મળી રહ્યા છે. અને લોકોને બલ્બ ખરીદવા માટે ધક્કા ઉપર ધક્કા ખાવા પડી રહ્યા છે. ઘણા લોકો એવા છે કે જેમણે એલ.ઈ.ડી. બલ્બ તો ખરીદી લીધા છે પરંતુ બલ્બ બગડી ગયા પછી રીપ્લેસની ગેરંટી હોય છે પરંતુ સ્ટોલ બંધ હોવાના કારણે લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. એવું જાણવા મળ્યું છે કે ઉપરથી આવતો બલ્બ ટ્યુબલાઈટ અને પંખાનો સ્ટોક મળતો જ નથી. તેના કારણે સ્ટોલ બંધ કરી દેવાનો વારો આવ્યો છે. પરંતુ જોવાનું એ છે કે પ્રધાનમંત્રીની આ યોજના સાર્થક અને લોકોને મદદરૂપ બને છે કે કેમ?

# કંબોઈ ચાર રસ્તા ઉપર રેતીના ઢગ જોખમી

### તંત્ર ઘોર નિંદ્રામાંઃ માર્ગ અકસ્માતની દહેશત


સજ્જનસિંહ સોલંકી

પ્રતિનિધિ કંબોઈ

પાટણ- શિહોરી હાઈવે ઉપર આવેલ કંબોઈ ચાર રસ્તાના શિહોરી તરફ જતા રોડ ઉપર રેતી અને કચરાનો ઢગ જામ્યો છે. જેના કારણે માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વચ્છતા અભિયાન થકી બિમારી અને ગરીબીને દેશવટો આપવાના પ્રયાસો કરે છે પરંતુ અમલદારશાહી તંત્રના પ્રતાપે આ અભિયાન ફોટો અભિયાન પુરતુ સીમીત રહી ગયું છે. ત્યારે કંબોઈ ચાર રસ્તા ઉપર રાત- દિવસ વાહનોનો વધુ ઘસારો રહે છે. પરંતુ શિહોરી તરફ જતા રોડ ઉપર રેતી અને કચરાનો મોટો ઢગલો થયો છે. મુખ્ય ચાર રસ્તાના બમ્પ નજીક પ્લાસ્ટિક અને કચરાના ઢગથી આખો રોડ ઢંકાઈ ગયો છે. જેના કારણે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાવાની દહેશત વર્તાય છે. તેમ છતાં જવાબદાર પી.ડબલ્યુ.ડી. વિભાગના સત્તાધીશોના પેટનું પાણી હાલતુ નથી. તેથી આ ઢગલો દિન- પ્રતિદિન મોટો થતો જાય છે. જેના પગલે વાહન ચાલકોના જીવ પડીકે બંધાય છે. માર્ગ અકસ્માતની દહેશત વચ્ચે સ્વચ્છતા અભિયાનના પણ જાહેરમાં ધજાગરા ઉડી રહ્યાં છે. તેમ છતાં તંત્ર કુંભકર્ણની નિદ્રામાં ઘોરે છે. તેથી તંત્ર અકસ્માતની રાહ જોતુ હોવાના આક્ષેપો થવા લાગ્યા છે. ત્યારે પી.ડબલ્યુ.ડી.વિભાગના સત્તાધીશો આળસ ખંખેરી સત્વરે રોડ ઉપરના નડતરરૂપ કચરાના ઢગ હટાવે તેવો જનમત પ્રવર્તે છે.

# ભાભર મામલતદારની પાર્ક પડેલી સરકારી ગાડી ચોરાઈ

### એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ એન્ડ ભાભર મામલતદારના બોર્ડ વાળી ગાડી ચોરાતા અનેક શંકા- કુશંકાઓ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર મામલતદાર કચેરીની સરકારી ગાડી રેસ્ટ હાઉસમાંથી રાત્રિ દરમ્યાન ચોરાઈ જતાં પંથકમાં ચકચાર મચી છે. જે ચોરીની ફરિયાદ ભાભર પોલીસ મથકે નોંધાઈ છે. તેથી પોલીસે ગાડી શોધવા સઘન પ્રયાસો હાથ ધર્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાભર મામલતદાર ક્ચેરીની સરકારી ગાડી (નં.જીજે૮જીએ૦૦૨૧) ઉપર એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ એન્ડ ભાભર મામલતદાર લખાણ લખેલ છે. જે ગત સાંજે ભાભર રેસ્ટ હાઉસના પાર્કીંગમાં પાર્ક કરેલ હતી. દરમ્યાન રાત્રે કોઈક અજાણ્યા ચોર ઈસમો તેનો લોક તોડીને રેસ્ટ હાઉસનો મેઈન ગેટ ખોલીને ચોરી ગયા હતા. સવારે ભાભર મામલતદારને ડીસા આવનાર સી.એમ.ના કાર્યક્રમ માટે જવાનું હોઈ ડ્રાઈવર સોમાભાઈ પુરોહિતને ગાડી લેવા મુડતા સરકારી ગાડી ચોરાઈ હોવાનું જાણવા મળતા સરકારી તંત્રમાં ચકચાર મચી હતી. આ બાબતે ગાડીના ડ્રાઈવર સોમાભાઈ સળસાભાઈ પુરોહિતે ભાભર પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમો સામે ગુનો નોંધાવ્યો છે. પોલીસે ગુનો નોંધી નાકાબંધી કરાવીને ચોરોને ઝડપી પાડવા એટીચોટીનું જોર લગાવ્યું છે. સરકારી હોદ્દો લખેલ બોર્ડવાળી ગાડીનો ચોરો દુરઉપયોગ પણ કરી શકે તેવી શંકાઓ થઈ રહી છે. જેના પગલે ગાડી શોધવા પોલીસની વિવિધ ટીમો કામે લાગી છે.

# તરબુચનું વાવેતર કર્યુ પણ વેચવા ગામે ગામ ભટકવું પડે છે

### બાગાયતી ખેતી કરતા ખેડુતોની માર્કેટની વ્યવસ્થા કરી આપે તેવી સરકાર પાસે માંગ

પ્રતિનિધિ થરાદ

બનાસકાંઠાના થરાદ પંથક સહિત અનેક ગામોના ખેડુતો ચીલાચાલુ ખેતી મુકીને બાગાયતી ખેતી તરફ વળ્યા છે,પરંતુ તેમાં પણ પોષણક્ષમ ભાવ નહી મળતાં ખર્ચ કાઢતાં સરવાળે નુકશાનજ ભોગવવું પડતું હોવાથી ગામડે ગામડે વેચવા જઈને નફોનુકશાન સરભર કરવાનો પ્રયાસ કરી રહ્યાછે.આથી ખેડુતોમાં સરકાર દ્વારા માર્કેટની વ્યવસ્થા કરી આપવામાં આવે તેવી માંગણી ઊઠવા પામીછે.

બનાસકાંઠાના પંથકના ખેડુતો દસકાથી તરબુચ, પપૈયાં, દાડમ, દ્રાક્ષ, ખારેક જેવી ફળાઊ (બાગાયતી) ખેતી કરીને બે પાંદડે થવા ઊપરાંત સરકારના કૃષિવિકાસદરમાં વૃધ્ધિ કરવાનો પ્રયાસ પણ કરી રહ્યાછે.પરંતુ બાગાયતી ખેતી કરતા ખેડુતોને તેમની મહેનત તો એક બાજુ પણ પાકનું પણ પુરૂ વળતર એટલેકે પોષણક્ષમ ભાવ મળતા નથી.થરાદ તાલુકાના કિસાનસંઘના પ્રમુખ માધાભાઈ પટેલે જણાવ્યું હતુંકે કોઇ પણ પ્રકારની ફળાઉ ખેતીમાં રોપા લાવવાથી માંડીને તે ફળ આપતા થાય તેટલા બેથી ચાર વર્ષ તેની માવજત પાછળ મોટું આર્થિક રોકાણ કરવું પડેછે.જેમાં દવાનો તથા તેની અન્ય પ્રકારની માવજતનો પણ ખર્ચ થાયછે.એટલે તેની કિલો દીઠ પડતર વધુ પડેછે.પરંતુ તેના વેપારીઓ ઓછા આવતા હોવાના કારણે વેચાણ માટે માર્કેટ મળતું નથી,અથવા તો વેપારીઓ દ્વારા પ્રતિ કિલોના પડતર કરતાં ઓછી રકમના હોલસેલ ભાવે પાકની માંગણી કરવામાં આવેછે,

આથી ખેડુતોને નાછુટકે નુકશાની કરીને પણ પોતાનો માલ વેચવો પડેછે.જોકે કેટલાક અપવાદરૂપ ખેડુતો બીજાકોઈ વિકલ્પના અભાવે કોઇ મોટા શહેરના વેપારીના સંપર્કમાં આવી જાયતો નફાની આશા વગર પણ પાક વેચી રહ્યાછે.તો તાલુકાના અન્ય કેટલાક ખેડુતો પોતાના તાલુકામાં મફતના ભાવે વેચવા કરતાં આજુબાજુના ગામો તથા તાલુકાઓમાં ટ્રેક્ટરો ભરીને રીટેઈલ માર્કેટમાં પોતાનો માલ વેચવા જઈ રહ્યાછે.જ્યાં નફાની આશા નહીવત હોય છે,

અનુસંધાન પાના નં.૬

## કાળઝાળ ગરમી વચ્ચે...

# થરા આજુબાજુમાં ધૂળભરી આંધી સાથે મેઘરાજાના અમીછાંટણા

### વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાને હાશકારો


યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

કાળઝાળ ગરમીનો કહેર દિન પ્રતિદિન વધી રહ્યો છે. વેકેશન - લગ્ન સરાની સીઝનમાં લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. ગરમીનો પારો ૪૨ થી ૪૪ વચ્ચે છે ત્યાં ગઈકાલે કાંકરેજ તાલુકાના થરા આજુબાજુના વિસ્તારમાં બપોરના ચાર વાગ્યા બાદ આકાશમાં વાદળોને ધૂળભરી આંધીની રમઝટ જામી હતી. સૂર્યનારાયણ વાદળો વચ્ચે અવનવી કલાકૃતિ કરતાં હોય તેવા કિરણો ફેલાવી રહ્યા હતા ત્યાં સાંજના છ વાગ્યા બાદ થરામાં મેઘરાજાએ મોટા ફોરે અમી છાંટણા કરતાં બજારમાં ખરીદી કરવા નિકળેલા કે ઓફીસ ધંધેથી છૂટેલા માનવીની દોડધામ વધી ગઈ હતી તો અબોલ જીવોમાં પક્ષીઓમાં આનંદની લહેર પ્રસરી હોય તેમ ક્યાંક પાંખમાં પાણીના ફોરાંને ઝીલવા તો ક્યાંક ગગનમાં એ ઠંડક પ્રસારવતા છાંટણાનો આનંદ લેવા ઉડાઉડ કરતાં પંખીઓ જોવા મળતાં હતા. અચાનક બદલાયેલ હવામા થી ધાબા પર પડેલી પથારી વસ્તુઓ અને લગ્નની તૈયારીઓને ખેતીના કામ ઝડપીથી આટોપવા કે સલામત સ્થળે ખસેડતી ગૃહિણીઓ કે ખેડૂતો જોવા મળ્યા હતા. મેઘરાજા આ વર્ષે વહેલા પધારશે તો બીજી બાજુ ૨૦, ૨૧, ૨૨ સૂર્યનારાયણ નો પ્રકોપ તેજ રહેશે તેવી આગામી વચ્ચે ગઈકાલે અચાનક બદલાયેલા હવામાનથી થરા આજુબાજુમાં ઠંડક પ્રસરી હતી. તેથી કાળઝાળ ગરમીમાં આમ પ્રજાએ હાશકારો અનુભવ્યો હતો.

# લાખણીમાં રાજારામ ભગવાનની વિશાળ શોભાયાત્રા નીકળી

### યજ્ઞ મંડપમાં મુખ્યમંત્રીની પણ પ્રેરક ઉપસ્થિતિ


દિલીપ પુરોહિત

પ્રતિ. લાખણી

લાખણી મુકામે ચાલતી રાજેશ્વર ભગવાનની ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના ગઈકાલે બીજા દિવસે શ્રી રાજારામ ભગવાનની જે મૂર્તિની પ્રતિષ્ઠા કરવાની છે તે મૂર્તિને રથમાં સવાર કરીને તેમજ સમસ્ત આંજણા સમાજના ધર્મગુરૂ શ્રી ૧૦૮ શ્રી દયારામજી મહારાજને હાથી ઉપર પાલખીમાં બેસાડીને તેમજ ઘણા બધા રથોમાં યજ્ઞના આયોજકો તથા દાતાઓ સવાર થઈ ઢોલ તથા ડીજે સાઉન્ડ સાથે યજ્ઞ મંડપથી શોભાયાત્રા શરૂ થયેલ શોભાયાત્રા પ્રા.શાળા આગળ થઈ વાસણા રોડ હિંગળાજ મંદીરથી વાસણા ત્રણ રસ્તાથી માર્કેટયાર્ડમાંથી પસાર થઈ હાઈવે બસસ્ટેન્ડથી જી.ઈ.બી. આગળથી યાદવના રસ્તે કૃષ્ણનગર થઈ યજ્ઞ મંડપમાં શોભાયાત્રા પરત આવેલ.

ત્યારબાદ યજ્ઞ મંડપમાં પરત ફરેલ શ્રી રાજારામજીની મૂર્તિની પૂજન વિધી યજ્ઞના મુખ્ય આચાર્ય હિતેશભાઈ ગોરધનદાસ ત્રિવેદી (ગોલ્ડ મેડાલીસ્ટ) લવાણાવાળાએ કરાવીને મંડપમાં લાવેલ. આ સમગ્ર શોભાયાત્રામાં લાખણી ગામના તેમજ સમસ્ત આંજણા ચૌધરી સમાજના લોકોએ હજારોની સંખ્યામાં આ શોભાયાત્રામાં ભાગ લઈ જોડાયેલ તેમજ ૧૦૮ જેટલી બાળાઓ માથે કળશ લઈ સાથે આવેલ તેમજ રથ, બગીઓ, ગાડીઓ, ટેક્ટરો, સહિત ખૂબ જ લાંબી શોભાયાત્રાએ લાખણીમાં ખૂબજ અનેરૂં આકર્ષણ જગાવેલ તેમજ આ પ્રસંગે ગુજરાત રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહેલ જેમાં હિતેશભાઈ શાસ્ત્રી દ્વારા તિલક, સ્વાગત તથા પૂજનવિધી કરાવવામાં આવેલ.

# કૃષિ મહોત્સવ અભિયાનથી બનાસકાંઠા જિલ્લામાં ખેતી અને પશુપાલન ક્ષેત્રે વિક્રમજનક પ્રગતિ

### વર્ષ ૨૦૧૬-૧૭ માં બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને રૂા. ૬૫.૨૮ કરોડની વિવિધ યોજનાકીય સહાય અપાઈ

પાલનપુર

કૃષિ મહોત્સવ અભિયાનથી બનાસકાંઠા જિલ્લામાં ખેતી સાથે પશુપાલન ક્ષેત્રમાં વિક્રમજનક પ્રગતિ થઈ છે. આ જિલ્લાના ઘણા ખેડૂતોએ રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય કક્ષાએ નોંધપાત્ર સિધ્ધિઓ પ્રાપ્ત કરી છે. કૃષિ મહોત્સવની ફલશ્રુતિરૂપે જ આ જિલ્લામાં કૃષિ સાથે પશુપાલન ક્ષેત્રમાં પણ આમુલ પરિવર્તન આવ્યું છે. બનાસકાંઠા જિલ્લા પશુપાલકો મબલખ દુધ ઉત્પાદન કરી રહ્યા છે. જિલ્લાના ૩.૫૦ લાખ પશુપાલકો બનાસ ડેરીમાં દૈનિક સરેરાશ આશરે ૪૮ લાખ લીટરથી વધુ દૂર ભરાવે છે. સમગ્ર એશિયામાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી બનાસ ડેરી વાર્ષિક રૂા. ૭૫૦૦ કરોડનું ટર્ન ઓવર કરે છે. દર મહિને રૂા. ૩૫૦ કરોડ દૂધ ઉત્પાદકોને બનાસ ડેરી દ્વારા માત્ર દૂધના ચુકવવામાં આવે છે. મબલખ દૂધ ઉત્પાદન થવાથી જિલ્લાના પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે.

બનાસકાંઠા જિલ્લાની ખેતી વિષયક પ્રગતિ... જોઈએ તો વર્ષ ૨૦૦૫-૦૬ માં આખા રાજયનો સૂક્ષ્મ સિંચાઈ પિયત હેઠળનો વિસ્તાર ૧૫૮૯૨ હેક્ટર હતો ત્યારે બનાસકાંઠામાં ૧૦૮૫ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ પિયત હેઠળ હતો પરંતુ અત્યાર સુધીમાં રાજયમાં કુલ ૧૪.૮૪ લાખ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ પિયત હેઠળ છે. જેમાં બનાસકાંઠા જિલ્લામાં ૩,૦૮,૫૦૮ હેક્ટર વિસ્તારમાં ૧,૭૮,૭૩૩ ખેડૂતોએ સૂક્ષ્મ સિંચાઈ પિયત પધ્ધતિ અપનાવેલ છે. જે રાજયના ૨૦.૭૫ ટકા વિસ્તાર થાય છે. ચાલુ વર્ષે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અંતર્ગત અત્રેના જિલ્લાને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે એવોર્ડ મળેલ છે.

જિલ્લામાં દાડમ પાકનું ૨૦૦૫-૦૬ માં ૨૧૦ હેક્ટર વાવેતરની સામે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૬૩૬૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયેલ છે.

અનુસંધાન પાના નં.૬

## વડગામ મામલતદારની જગ્યા ક્યારે પુરાશે ?

### તાલુકો ઈન્ચાર્જના હવાલે

તા.પ્રતિ. વડગામ

અંદાજે એક વર્ષના સમયગાળામાં વડગામ મામલતદારને બઢતી મળતાં બદલીથી ખાલી પડેલ મામલતદાર વર્ગ - ૨ ની જગ્યા છાપી સર્કલ ઓફીસરના ચાર્જમાં છે. વડગામ તાલુકો ૧૧૦ ગામ ધરાવતો જિલ્લાનો છેલ્લો તાલુકો છે વડગામ વિસ્તારની પાસે પાટણ - મહેસાણા જિલ્લાની હદ આવેલી છે વળી સ્ટેટ હાઈવે નેશનલ હાઈવે હોવાથી જુદા જુદા કામોનું ભારણ વધુ રહે છે, અલ્પવિકસીત વડગામ તાલુકામાં તાત્કાલીક તાલુકા મામલતદારની જગ્યા ભરાય તેવી પ્રજાની માંગ છે. જિલ્લા કલેક્ટર આ અંગે ઘટતું કરશે ખરા ? કારણ કે તાલુકાની આરોગ્ય વિભાગના અધિક્ષકોનું મેહકમ અપૂર્ણ છે. તા.વિકાસ અધિકારીની જગ્યા, સિંચાઈના ના. કાર્યપાલક ઈજનેર વગેરે મહત્વના હોદ્દાની જગ્યાઓ ઘણા લાંબા સમયથી ભરાઈ નથી.


## જાહેરાત

કેન્દ્ર સરકાર સર્વગ્રાહી અભિયાન ''૨૦૨૨ સુધીમાં બધા માટે આવાસ'' યોજનાનું અમલીકરણ હેતુ ડીસા નગરપાલિકાને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સીટી લેવલ ટેકનીકલ સેલ સ્થાપિત કરવા નીચે મુજબના નિષ્ણાંતોની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે છે. જે એફોર્ડેબલ હાઉસીંગ મિશન ગુજરાત સ્ટેટ પ્રિસ્કાઇબ્ડ ઓથોરીટી પત્ર નં.AHM/CLTC-NPS/2017-18/010 તા.૨૦-૦૪-૨૦૧૭ ના પત્રમાં જણાવ્યા મુજબની શરતોને આધીન નિમણુંકો આપવાની છે. અરજીઓ તા.૦૬-૦૬-૨૦૧૭ સુધીમાં મળી જાય તે રીત જરૂરી પ્રમાણપત્રો સાથે નગરપાલિકા ડીસા ઇન્દીરા ગાંધી ભુવન ડીસા પીન નં.૩૮૫૫૩૫ ના સરનામે અરજીઓ મોકલી આપવાની રહેશે. સદરહુ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત ભરવાની છે.

| અ.નં. | જગ્યાનું નામ | જગ્યાઓ | પગાર માસીક સ્નાતક | શૈક્ષણિક લાયકાત | અનુભવ |
|---|---|---|---|---|---|
| ૧ | અર્બન પ્લાનર / ટાઉન પ્લાનીંગ સ્પેશ્યાલીસ્ટ | ૧ | ૩૦૦૦૦/- | પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ગ્રેજ્યુએટ ડીગ્રી ઇન અર્બન પ્લાનીંગ અથવા રીજીનલ પ્લાનીંગ અથવા જીઓગ્રાફી | ૩ થી ૫ વર્ષનો |
| ૨ | મ્યુનીસીપલલ સીવીલ એન્જીનીયર | ૧ | ૩૦૦૦૦/- | પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ગ્રેજ્યુએટ ડીગ્રી ઇન એન્જીનીયરીંગ વીથ સ્પેશીયાલીઝેશન ઇન પબ્લીક હેલ્થ એન્જીનીયરીંગ અથવા ડીપ્લોમાં ઇન એન્જીનીયરીંગ | ૩ થી ૫ વર્ષનો |
| ૩ | સોશ્યલ ડેવલોપમેન્ટ સ્પેશ્યાલીસ્ટ | ૧ | ૨૦૦૦૦/- | પોસ્ટગ્રેજ્યુએટ / ગ્રેજ્યુએટ અથવા ડીપ્લોમાં ઇન સોશ્યલ સાયન્સીસ વીથ પ્રેકટીકલ એકસપીયરન્સ ઓફ વર્કીંગ વીથ કોમ્યુનીટી / સ્લમ ઇન ધ અર્બન એરીયા | ૩ થી ૫ વર્ષનો |
| ૪ | એમ.આઇ.એસ. એકસપર્ટ | ૧ | ૨૦૦૦૦/- | પોસ્ટ ગ્રેજ્યુએટ / ગ્રેજ્યુએટ/ ડીપ્લોમાં ઇન કોમ્પ્યુટર સાયન્સ / ઇલેકટ્રોનીકસ અથવા એમ.સી.એ./ પી.જી.ડી.સી.એ. | ૩ થી ૫ વર્ષનો |
| | કુલ | ૪ | | | |

નં.ન.પા./મહેકમ/વશી/૨૦૧૭-૧૮
નગરપાલિકા કચેરી
ડીસા તા.૨૦-૦૫-૨૦૧૭

ચીફ ઓફીસર
ડીસા નગરપાલિકા

CMYK

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

જોક્સ

એક ઘરાક હોટલના વેઈટર ગુસ્સે થઈ રહ્યો હતો કે થોડીક કરકરી રોટલી લઈ આવે. પણ વેઈટર જ્યારે ખૂબ જ પરેશાન થઈ ગયો ત્યારે એ પ્લેટમાં રોટલીઓની થપ્પી મૂકીને એની પાસે આવ્યો અને બોલ્યો,‘ સાહેબ, તમે જાતે પસંદ કરીને લઈ લો.’

ઘરાકે એક-એક કરીને બધી રોટલીઓ જોઈ અને છેલ્લી રોટલી પર હાથ મૂકતાં કહ્યું,‘ આ આપી દે.’

‘અરે..પણ સાહેબ,આ તો પ્લેટ છે.’વેઈટરે ખુલાસો કરતાં કહ્યું.

0000

પતિ-પત્ની એક મ્યુઝીયમ જોવા ગયા તો પતિએ કહ્યું : અહીંયા દુનિયાના બધા પ્રાચીન હથિયારો છે.

પણ આ હથીયાર રાખનાર કુંવારા હશે ? પત્નીએ પુછયું.

કેમ ? પતીએ નવાઈથી પુછયું તને કેવી રીતે ખબર પડી ?

કારણ કે એમાં સ્ત્રીઓનું હથિયાર વેલણ તો છે જ નહીં ! પત્નીએ ખુલાસો કર્યો.

0000

એક બેટસમેન પોતાની પત્નીને તતડાવી રહ્યો હતો તું હંમેશા આવી મુર્ખામીભરી વાતો શા માટે કરે છે?

એ તો સંગ એવો રંગ હું લગ્ન પહેલાં આવી નહોતી.. પત્નીએ છગ્ગો માર્યો..

000

ટીચર : પપલુ અંગ્રેજ લોકોમાં શું ખાસીયત છે ?

પપલુ : એ લોકો ભણ્યા વગર અંગ્રેજી બોલી શકે છે.

0000



# રામભરોસે ભારત હા :

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

રામભરોસે હિંદુ હોટલો એક જમાનામાં મોટા ભાગના શહેરોમાં હતી, ગામડામાં હતી, કોઈ નાના ગામમાં એસ.ટી.સ્ટેન્ડ કે રેલવે સ્ટેશનેથી ઉતરો કે રામભરોસે નામે હોટલ જોવા મળે. એમાં લાકડાના ટેબલ લોખંડની ખુરશીઓ... ખખડધજ પંખા માખી મચ્છરોનું સામ્રાજય પછી ઉઘાડા ફાફડા ભજીયા જે સવારે તેલમાં તળ્યા હોય તેલ શુદ્ધ કે અશુદ્ધ પુછવું નહીં તમે આવી હોટલમાં પ્રવેશ્યા હોય અને ગલ્લા પર બંડી પહેરીને બેઠેલાને પુછો કે આ ફાફડા અને ભજીયા તાજા છે.. જવાબ મળશે. .હા અને એય પાછા અડધા કલાકે પૂર્યા.

તમે તાજું ખાવાની ઈચ્છા રાખો છો અને ટેબલ પર બેસી જાય છે પછી પછી જે મંગાવ્યું એમાં ગંધનથી આવતી પણ ચટણીમાં ગંધ આવતી હશે. ચટણી ખારી અને પછી ગટીના પાણીના બે ગ્લાસમાં હોટલના મજુરની બે આંગળીઓ અડધી ડુબેલી..

જય હો ભારત દેશની.. અને જય હો.. આવી રામભરોસે હોટલોની.. જોકે આવી હોટલો ઓછી થતી જાય છે.. આજે કંઈક જવાબ રંગરોગાન સાથે હોટલો અસ્તિત્વમાં આવી રહી છે પણ એનું નામ રામભરોસે નથી હોતું. બહાર હોટલનું બોર્ડ અને અંદર ગોરખધંધા.

સવાલ થશે ગોરખધંધા.. કયાં નથી ચાલતા ? આજુબાજુ આગળ પાછળ નજર કરો.. ગોરખધંધામાં સામેલ થઈને નિષ્ઠા નીતિની વાતો ખુબ કરતા હશો, દેશમાં ચૂંટણીઓ બારેમાસ ચાલતી હોય છે. રામભરોસે આગળ વધતા દેશની બીજી ખુબી અને ખાસીયત છે. કાં તો વિધાનસભાની ચૂંટણી હોય, લોકસભાની કે પછી જિલ્લા પંચાયતની.. અરે સરપંચોની પણ ચૂંટણી હોય છે. કોલેજના વિદ્યાર્થીઓની પણ ચૂંટણી હોય છે.. આપણા રાજયની ચૂંટણી ન હોય તો કયાંક પડોશી રાજયની પણ ચૂંટણી હોય છે. ચૂંટણી હોય.. મતદાન હોય..અરે પરિણામ પછી વિજય સરઘસ નીકળે અને તોફાન ન થાય એ બને નહીં. તોફાન તો થવું જોઈએ.. રામભરોસે આવતા આ દેશના ચૂંટણી ટાણે તોફાન ન થાય તો લોકશાહીને લાજ આવે છે..

ચૂંટણીઓ ખાસ કરીને વિધાનસભા, લોકસભાની હોય ત્યારે ઉમેદવારો જે લખી લખીને પગે લાગે છે. એવી તો પ્રથા વિશ્વના અન્ય દેશમાં હશે કે કેમ એ એક પ્રશ્ન છે. આપણે ત્યાં ઉમેદવારો એટલા બધા નમી પડે છે કે નમે તે ગમે નહીં.. આગળ જતાં નમે તે સૌને નમાવ.. ઉમેદવારોને તમે ખોબલો ભરીને મત આપો. એ જીતે એટલે ખોળા ભરીને નહીં સુંડલો ભરીને એટલા રૂપિયા ભોગ કરે છે કે ઓ બાપ રે થઈ જાય.. ચૂંટાયેલા સભ્યોની એક સમયે એટલી સંપત્તિ હોતી નથી અને ચૂંટાયા પછી તમને પ્રશ્ન થાય આટલા રૂપિયા આવ્યા કયાંથી ? હા.. કયાંથી ?

વિધાતા નામે એક સમયે આવેલી ફિલ્મમાં શમ્મીકપુર, દિલીપકુમારને જવાબ આપે કે ન આપે પણ ચૂંટાયેલા સભ્યોને રૂપિયા કેટલાં છે કહેતાં ચુંક આવે છે. રામભરોસે ચાલતા આ દેશમાં આજે એવા અનેકાનેક માણસો હશે. જેના ખાતામાં બેંક બેલેન્સની પેટે પાંચ હજારમાં નહીં હોય, પોતે કે ઘરનું કોઈ બીમાર પડયું હશે તો ઈલાજના પૈસા નથી હોતા.. એ રીબાઈ રીબાઈને દમ તોડે છે.. પણ દેશના ભાષણઠોકુ વચન ડોકું સભ્યોના પેટમાંનું પાણી હાલતું નથી ના મગર જેની ચામડી બદલાય છે.

આ દેશમાં બધું થઈ શકે છે.

ચૂંટણીમાં ઉમેદવાર તરીકે ઉભેલો સભ્ય ભલે ગુંડો હોય, ખંડણીખોર હત્યારો કે અન્ય કોઈ અપરાધમાં એના હાથ હોય પણ જાતને પ્રજાનો સેવક રખેવાળ ચીતરતા બે પૈસા થાય, શરમ નથી આવતી..શાની વળી શર્મ આવે ? આ દેશની બધી ઘટમાળા રામભરોસે તો છે અને તો હાઈકમાન્ડરનું છત્ર મળે છે. મુખ્યમંત્રી કે અન્ય રીતે છત્રછાયા માને છે પછી જખ મારે છે એ ઝુંપડાવાળી..

આઝાદી બાદ આવા શંભુઓને શંભુમેળો ભેગો થતો ગયો છે. એમાં ઉત્તરોત્તર સતત વધારોને વધારો નોંધાઈ રહ્યો છે. ભલેને વાતો સારી સારી થાય કશોય ફેર પડતો નથી એ નક્કી..

સારી વાતો કરવામાં આપણે નંબર વન છે.. એ પણ એ આચરણમાં.. આપણો કયાંય નંબર નથી, વિકાસ અને જગતમાં શક્તિશાળી બનાવવામાં આપણે આપણો કોલર ઉંચો કરીએ છીએ પણ વિદેશના મોટા માણસો અહીં પ્રવાસે આવે છે ત્યારે આપણા દેશની કડવી વાસ્તવિકતા ગરીબાઈને ઢાંકવા, સંતાડવાને માટે જ્યાં પડદા લગાવાય છે. આગળ લીલા પડદા અને પાછળ ઉકરડો અરે મહેમાન જે રસ્તેથી પસાર થવાના હોય છે એ રસ્તાની સફાઈ રંગરોગાન કરી દેવાય છે પણ પછી.. પછી.. એ જ કચરાખાતું, ખાડાખાતું અને ન જાણે કયા કયા ખાતાઓ ?

દેશની સમસ્યાઓનો પાર નથી. ખુદ ભગવાન પણ ઉપરથી એક

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કાટલાં અને કાંટાની માનવી સાથે કશમકશ

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

સદીઓથી માનવ જાતને જેના સાથે પનારો પડ્યો હોય એવો નાતો છે કાટલાં અને કાંટો... માણસ જાતની સૌ પ્રથમ પૃથ્વી ઉપર પૈદાઈશ ધામ એ સમયે એને દાક્તરો – વૈધો અને દાયણો સૌ પ્રથમ તોલવાનું કામ કરે છે. તોલ સામે માનવીય મોલ કંઈ નથી હોતો છતાં એ એક આદિ-અનાદિ કાળથી ચાલ્યો આવતો અતુટ બંધન જેવો નાતો કદી ભૂલાય તેવો નથી.

કાટલાં અને કાંટાનો ઈતિહાસ પણ સમજવા જેવો છે એ એક વાસ્તવિક ફલક ઉપર આજે મેટ્રિક પધ્ધતિમાં જેને તમે તોલમાપના નામથી ઓળખો છો એ કાંટાનો સંબંધ જે તે વસ્તુનું વજન જાણવા ઘર-સમાજ-દેશ અને દુનિયામાં મશહુર છે જ. કાંટા ઉપરથી એક પ્રમાણભૂતતા જાણી શકાય છે.

બાળકના જન્મ સમયે તેને સૌ પ્રથમ તોલવામાં આવે છે. એ સમયે નવોદિત બાળકો લગભગ દોઢ કિલોથી સાત કિલો સુધીના એવરેજ જણાય છે. હિન્દુસ્તાનમાં જન્મ લેતાં બાળકો કરતા પશ્ચિમમાં જન્મતાં બાળકો વધારે પોષણક્ષમ જોવા મળે છે. એ દેશોમાં જન્મ લેતાં બાળકો લઘુત્તમ ત્રણ કિલોથી માંડી મહતમ દસ કિલો સુધીનાં જોવા મળ્યાં છે એવા પ્રમાણિત દાખલા પણ મોજુદ છે. પોષણ ક્ષમતાના અભાવે જન્મતાં બાળકો માટે આપણા હીરો આમીરે કુપોષણ નાબુદી અભિયાન શરૂ કરેલું છે. સરકાર અને સ્વૈચ્છિક સંસ્થાઓ કુપોષણ નાબુદ કરવા સમયોગી છે પણ આપણું હેલ્થ ખાતુ કદી ક્યારેય આ બાબતે જાગૃત નથી. આપણા ત્યાં યુનો અને યુનિસેફ તરફથી અઢળક તબીબી સહાય આપવામાં આવે છે પણ જેના ઈમ્પ્લીમેશન અંગે આંખ આડા કાન કરવામાં આવે છે. કાંટાની ઉત્ક્રાંતિ પણ ખરેખર સમજવા જાણવા જેવી છે. જેમાં સરકારનું તોલમાપ ખાતું છેલ્લા બે પાંચ વરસથી જાગ્રત થયું છે. ઓછું તોલનાર અને ઓછું આપનાર માટે દંડનીય સજાની પણ જોગવાઈ ભારતીય કાયદાની રખેવાળી હેઠળ છે છતાં આ દેશમાં અને ખાસ કરીને આપણા રાજ્યમાં અને રાજધાનીમાં નમતું તોલવાની જગ્યાએ ઘણું ઓછું અપાય છે.

કાંટાની અને કાટલાંની કરામત સમજવા એકવાર આ તોલમાપ ખાતાએ સામુહિક ઝુંબેશ ઉપાડી. એ સમયે વેપારી ઘણા દોડતા થઈ ગયા હતા. જે ઓછું તોલ આપીને વધારે પૈસા લેતા હતા. સાઉથના એક તોલમાપ અધિકારીએ એક માર્કેટમાં ખાસ સરપ્રાઈઝ વિઝિટ ગોઠવી. એક કિલો સુકા લસણની ખરીદી કરી. ત્યારે પેલા લારીવાળાએ કહયું: “સાહેબ ઓછું નથી આપતા... ગમે ત્યાં તોલ કરાવી લેજો... એવું લાગે તો પૈસા પરત... આ શબ્દો પુરા થાય એ ઘડીમાં પેલા અધિકારીએ બેગમાંથી ડિજીટલ કાંટો કાઢ્યો... પેલા લારીવાળાને બતાવ્યું... જ્યાં એક કિલો લસણ માત્ર આઠસો ગ્રામ જોવા મળ્યું... લારીવાળો ભોંઠો પડી ગયો... સાહેબ લો આ બીજું એક કિલો લસણ મફત લઈ જાઓ... પણ બાપુ મોટો કેસ કરશો નહિ.

સાઉથના અધિકારી વર્ગ ખરેખર પ્રમાણિક અને નિષ્ઠાવાળા હોય છે તેમને પાંચ ગ્રાહકનાં નામ લખી સહી કરાવી એક પંચકયાસ રીપોર્ટ કરી લારીવાળાને સ્થળ ઉપર નોટીસ ફટકારી... જેમાં તોલમાપ અધિનિયમ અનુસાર રૂપિયા પચ્ચીસો દંડ અને એક દીવસની સાદી જેલની સજા ફટકારી... આજુબાજુવાળા વેપારીઓ કાગારોળ કરી કરગરવા આવ્યા... પણ માને એ બીજા...

કાંટા અને કાટલાં સાથે કરામત કરવાવાળા આ દેશમાં પચાસ ગ્રામથી માંડી પાંચ દસ કિલોના વજનીયાં પ્રમાણિત કરાવી જે લીડ ભરવામાં આવે છે તે ખોતરીને કાઢી નાખીને ગ્રાહકોને સરેઆમ છેતરવા સિવાય અન્ય કંઈ કરતા નથી.અમારા અમથાકાકા અમદાવાદીએ એક સવાલ કર્યો. અલ્યા ભૈ, ‘હવે તો આ કાટલાંની જગ્યાએ પેલા કમ્પ્યુટર ડિઝીટલ કાંટા આવ્યા છે તો છેતરવાની વાત ક્યાં?’ ‘અરે કાકા આ દુનિયામાં ડિઝીટલ વ્યવહારમાં અનેક માણસો છેતરાય છે તમે ખબર નથી?’ ‘ના ભૈ, એ કેવી રીતે?’

‘જુઓ કાકા આ બેંકના એટીએમ સાથેના વ્યવહારમાં, પેટ્રોલ પંપ ઉપર ડેબીટકાર્ડના વ્યવહારોમાં, ખરીદીના જે તે મોલ અને મોટી દુકાનો ઉપર ડીઝીટલ પેમેન્ટમાં ઘણા ગોટાળા થયા છે એ તમે જાણતા નથી...

વાત આપણી કાંટા અને કાટલાંની છે. જુના સમયના કાંટા અને કાટલાંનું લગભગ એંશી ટકા સ્થાન ઈલેક્ટ્રોનિક કાંટાઓએ આંચકી લીધું છે તેમાં વેચનારને ફાયદો અને ખરીદનારને નુકશાન.‘એ કંઈ રીતે બની શકે? પરમાનંદ રામાનંદી ઉપાય: અરે મહારાજ તમે જે દુકાન-લારી-ગલ્લા કે દળવાની ઘંટી ઉપર ઈલેક્ટ્રોનિક કાંટાની જો ઝીણવટથી તપાસ કરવામાં આવે તો લગભગ તમામ કાંટાઓ ઉપર ‘ઝમ્પ બાય બમ્પ’ નામની સીસ્ટમ કામ કરે છે કિલોગ્રામ લેવા જાઓ ત્યારે ઝંપીંગથી નવસો ગ્રામ મળશે અને દસ કીલો દરણુ ઘંટીઓમાં આપશો ત્યારે નવ કીલો અને પાંચસો ગ્રામ આટો મળશે... સમજ્યા...દેખ કબીરા’ ‘હા... તમારી વાત મને ગળે ઊતરી... ઘંટીના માલિકો કદી ક્યારેય પોતાના ઘર માટે ખરીદતા તમે જોયા છે???... જવાબ તમારો નિર્ણય અમારો... દેખ કબીરા..**બી.પાટણવાડીયા મો.૯૬૦૧૮૯૭૦૪૧**

# અકસ્માત અટકાવ્યો

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

આપણા દેશનું આંધ્રપ્રદેશ રાજય ભૌગોલિક દ્રષ્ટિએ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતની વચ્ચે કડીરૂપ છે ત્યાં બોલાતી તેલુગુ ભાષા રાષ્ટ્રીય સ્તરે હિંદી પછી બોલાતી દેશની બીજી મોટી ભાષા છે. માહિતી પ્રસાર ક્ષેત્રે આ રાજય અન્ય રાજયો કરતાં ઘણું આગળ છે. કૃત્રિમ ભૂ-ઉપગ્રહ પ્રક્ષેપણ કેન્દ્ર શ્રી હરિકોટા આ રાજયના નેલ્લાર જિલ્લામાં છે. જ્યારે નાગાર્જુન સાગર જળ વિદ્યુત સંયંત્ર રાજયમાં કૃષ્ણા નદી પર બનેલ છે. આ રાજયમાં કૃષ્ણા નામે એક જિલ્લો પણ છે. જેનું મુખ્ય મથક મછલીપિતનમ છે.

આ કૃષ્ણા જિલ્લાના ખંડના મંડલના પેડના વોર્ડ એકમાં નારણની વેંકટેશ્વર રાવ રહે છે. સાડા ચૌદ વર્ષનો આ બાળક સાતમા ધોરણમાં ભણે છે.

તે દિવસે રવિવારનો દિવસ હતો. નારાગની તેના મિત્ર સાથે વાતો કરતો કરતો જઈ રહ્યો હતો. તેના હાથમાં એક લાકડી હતી અને તેને એ અમસ્તાં જ આમ તેમ પથ્થરો પર પછાડતો રમતના મેદાન તરફ આગળ વધી રહ્યો હતો.

પગદંડીનો રસ્તો પસાર કરી હવે તે બંને રેલ્વે ટ્રેકની બાજુમાં ચાલવા લાગ્યા હતા. કેમ કે રેલ્વે લાઈનની પેલી બાજુ રમતનું મેદાન હતું. રજાના દિવસે આખાય વિસ્તારના બાળકો ત્યાં આવી રમતાં હતાં. મોટાં છોકરાઓ ક્રિકેટ રમતાં નાના છોકરાં કાં તો તને જોતાં અથવા પોતે ગમે તે ટીમમાં સામેલ થઈ જતાં.. સવારથી ત્યાં છોકરાઓની જમાવટ રહેતી. હાં બપોરના જમવાના સમય પહેલાં અમુક ત્યાંથી નવરાશ લઈ ઘેર જતા. કોઈને ઘેરથી રજા મળતી તો કોઈ વળી છાનામાના કંઈક બહાનુ કાઢીને આવી જતા. કોઈને આવવામાં મોડું થાય તો તેની જગ્યાએ બીજી રમતા. કોઈને ઘેર જવાનો સમય થઈ જાય તો જોવા આવનારમાંથી કોઈ તેની જગ્યાએ ગોઠવાઈ જતા. તમારી પાસે રમવાના સાધનો હોય કે ન હોય, કોઈની સાથે મિત્રતા હોય કે ન હોય, પણ જો રમવાની ઈચ્છા હોય તો તમે ત્યાં જઈ શકો. તમને રમવા મળવાની શકયતા પુરેપુરી રહે.વેંકટેશ્વર અને તેના મિત્રો મોટા ભાગે રજાના દિવસે ત્યાં જતા. તેમની સ્કુલ બ્રહ્મપુરના ઘણા છોકરાઓ ત્યાં રમવા આવતા. જેથી વેંકટેશ્વરને પણ ત્યાં સારું લાગતું હતું. આ જ બાબતમાં પોતાની અને મિત્રોની વાતો કરતા કરતા એ ચાલ્યા જતા હતા. તેવામાં રેલ્વે ટ્રેકની બાજુમાં પડેલી એક પ્લાસ્ટીકની ખાલી બોટલ પર વેંકટેશ્વરીની નજર પડી. હાથમાં રહેલ લાકડીથી અનાયાસ તેણે લાકડી મારી. બોટલ રગડતી રગડતી જઈને પથરા પાસે પડી. આગળ વધીને તેણે ફરી તેને ફટકારતાં હવામાં ઉછાળીને બોટલ રસ્તાની વચ્ચોવચ્ચ પડી. વેંકટેશ્વરે તેને ફરી લાકડાનો ફટકો મારતાં તે બોટલ ટ્રેકની વચ્ચે જઈ પડી. તે તેને ઉપાડવા આગળ વધ્યો. હવે તેને આ રમતમાં મજા આવતી હતી.પહેલાં તેણે તેના મિત્રને બોટલ ઉઠાવી લાવવા ઈશારો કર્યો. પણ તેના મિત્રએ મોં મચકોડયું અને કહ્યું, છોડને યાર ચાલ જલદી મોડું થાય છે..’

જઈએ કહેતાં વેંકટેશ્વર બોટલ ઉપાડવા રેલ્વે ટ્રેકની વચ્ચે પહોંચ્યો.. અચાનક તેનું ધ્યાન પાટા વચ્ચેની ખાલી જગ્યા પર પડયું. પાટાની વચ્ચે લગભગ છ ઈંચનો ટુકડો ન હતો. તેણે એકદમ તેના મિત્રને નજીક બોલાવ્યો અને બતાવીને કહ્યું, જો આનાથી તો અકસ્માત થઈ શકે, આપણે આ વાત કેબીનમેનને કરવી જોઈએ. તેનો મીત્ર ખીજાઈ ગયો અને બોલ્યો ટ્રેક ટુટયો હોય તો ભલે ટુટયો, આપણે શું ?ચાલો આપણે રમવા જઈએ..

જા આપણે આની જાણ કરવી જોઈએ ? વેંકટેશ્વર બોલ્યો.

તો તું જા.. હું તો મેદાનમાં રમવા જાઉં છું.. જાણ કરીને આવી જજે..એમ કહી તેનો મિત્ર આગળ જતો રહ્યો.વેંકટેશ્વર એ ભયાવહ પળની કલ્પના કરતાં કરતાં કંપા ગયો કે જ્યારે આ ટ્રેક પર કોઈ ગાડી આવશે અને અકસમાત સર્જાશે તો. જો સમયસર તેણે આની જાણ ન કરી તો જે ભયંકર અકસ્માતની સંભાવના છે તેના માટે પોતે જ જવાબદાર હશે એમ વિચારી એ ઝડપથી કેબીન તરફ દોડયો. કેબીન તેનાથી દોઢસોફુટ દુર હતી. તે દોડતો કેબીનની નજીક પહોંચ્યો. તેને તે વખતે ત્યાં કોઈ દેખાયું નહીં. તેણે બુમ પાડી પણ કોઈએ અંદરથી જવાબ ન આપતાં તે ત્યાંથી આગળ દોડી નીકળ્યો. કેબીનમેન કદાચ ત્યાં નહોતો. અથવા તેણે સાંભળ્યું ન હોય જે હોય તે વેંકટેશ્વર તો આગળ દોડવા લાગ્યો.

હવે તેનું લક્ષ્ય પંડના રેલ્વે સ્ટેશને હતું તેના પગમાં ગતિ આવી ગઈ હતી. જાણે કે પાંખો ફુટી ન હોય, જ્યારે તે હાંફતો પ્લેટફોર્મ પર ચડયો ત્યારે તેની નજર સીધી સ્ટેશન માસ્તરના ઓરડા તરફ હતી. તેને આ રીતે જોરથી ભાગતો જોઈ ઘણા લોકો તેની સામે જોવા લાગ્યા. તેણે એ બધાની કંઈ પરવા ન કરી. જ્યારે તે ધમધમાટ સ્ટેશન માસ્તરના ઓરડામાં ઘુસી આવ્યો ત્યારે ખુરશીમાં બેઠેલા સ્ટેશન માસ્તરની નજર તેના પર પ્રશ્નસુચક મુદ્રામાં પડી.

વેંકટેશ્વરે તેના મોંએથી તુટક તુટક શબ્દોમાં કહ્યું તે ત્યાં ટુટેલ છે.. સ્ટેશન માસ્તરે પુછયું, અરે ! શ્વાસ તો પુરો લઈ લે. બોલ કયાં શું ટુટયું છે.એટલી વારમાં જરા શ્વાસ લઈ લીધા પછી વેંકટેશ્વરે ફરી સ્ટેશનત માસ્તરને કહ્યું.ટ્રેક.. ટ્રેક.. આગળ ટુટેલો છે.. ગાડી આવતી હોય તો તેને રોકી દો.

સ્ટેશન માસ્તર ચોંકી ઉઠયો.. કયાં કઈ જગ્યાની વાત કરે છે ?

કેબીનથી થોડેક આગળ પાટા વચ્ચે જગ્યા દેખાય છે.. વેંકટેશ્વરના સ્વરમાં દ્રઢતા હતી.

સ્ટેશન માસતરે એક નજર પોતાની ઘડીયાળમાં નાખી પછી વેંકટેશ્વર તરફ જોયું.. તેને એમ લાગ્યું કે, ગમે તેમ પણ છોકરો સાચું બોલતો લાગે છે. હજુ ગુડીવાડાથી પેસેન્જર ટ્રેન આવવાની વાર છે ત્યાં સુધીમાં ટ્રેકની તપાસ કરાવી લઉં..વેંકટેશ્વરે કહ્યું, સર આવનાર ગાડીને રોકી દો. તેને એમ લાગતું હતું કે સ્ટેશન માસ્તર તેની વાતને બાળક સમજીને ગંભીરતાથી નહીં લે કદાચ ખોટી પણ માને.

સ્ટેશન માસ્તરે તેની વાત પર ધ્યાન ન આપ્યું અને ટ્રેકની તપાસ કરનાર કર્મચારીઓને બોલાવ્યા. તેમને વેંકટેશ્વરની સાથે મોકલતાં કહ્યું.. આ છોકરીની સાથે જાવ અને જુઓ ટ્રેક કયાં ખરાબ છે ? કેબીનની આગળ કયાંક ટ્રેકમાં ગરબડ છે. જલદી જોઈને મને જાણ કરો.. હું અહીં રાહ જોઉં છું..

વેંકટેશ્વર ઝટથી તેમની સાથે ચાલી નીકળ્યો. તેને એ વાતની ખુશી થઈ કે સ્ટેશન માસ્તરે તેની વાતનો વિશ્વાસ કર્યો. ખોટી માની નહીં અને હકીકતની તપાસ કરવા કર્મચારીઓને તેની સાથે મોકલ્યા. હવે તે તેમને આ બાબતે વાત કરતાં આગળ વધી રહ્યો હતો. તેણે આખી વાત કરી કે તે કઈ રીતે પહેલાં કેબીનમેન પાસે ગયેલો. તે ન મળતાં દોડતો પંડના સ્ટેશન માસ્તરના ઓરડામાં આવ્યો.

વાતો કરતાં કરતાં તેઓ કેબીનથી આગળ આવેલ પેલી જગ્યાએ આવી ગયા. ટુટેલા ટ્રેકને જોતાં જ રેલ કર્મચારીઓએ સ્ટેશન માસ્તરને જાણ કરી કે ખરેખર વેંકટેશ્વરે આપેલ માહીતી સાચી છે. ટ્રેક ખરાબ છે તેથી આવતી ગાડીને રોકી દો. સ્ટેશન માસ્તરે મુડીવાડાથી પેડલા પાસે પહોંચેલી પેસેન્જર ટ્રેનને લાલ સિગ્નલ બતાવી રોકી દીધી. સ્ટેશનની બિલકુલ નજીક આવી પહોંચેલી ટ્રેન ઉભી રહી જતાં લોકો ઉતરી ઉતરીને આવવા લાગ્યા. કારણ જાણતાં તેમને ખબર પડી કે નાનકડા સાહસિક બાળકની સુઝ સમજને કારણે ટ્રેનનો મોટો અકસ્માત થતાં બચી ગયો. તેથી વેંકટેશ્વરની બધા પ્રશંસા કરવા લાગ્યા. લગભગ એક કલાક પછી ટ્રેકનું રીપેરીંગ થઈ જતાં ટ્રેન આગળ વધી.

બીજે દિવસે ‘વાતો સમાચાર એજન્સી’ આંધ્ર જયોતિ, આંધ્રભૂમિ, વિશાલ આંધ્રા વિગેરે અનેક અખબારોમાં વેંકટેશ્વરની સાહસ અને સમજદારીના વખાણ સાથેનો આ બનાવ વિગતવાર છપાયો. પેડના મ્યુનિસીપલ ચેયરમેન પદમાકુમારી અને તેમના વોર્ડ કાઉન્સીલર વી. વેણુગોપાલ રાવે વેંકટેશ્વરના સાહસને બિરદાવી સન્માનીત કર્યો.ગણતંત્ર દિવસના અવસરે પોલીથી પરેડ ગ્રાઉન્ડમાં આખા જિલ્લાના અગ્રગણ્ય મહાનુભાવો સમક્ષ વેંકટેશ્વરની સુઝબુઝ, ધૈર્ય અને હીંમતની જિલ્લા અધિકારી કે.પ્રભાકર રેડ્ડી એ પ્રશંસા કરી અને સન્માન પત્ર આપ્યું. આ પ્રસંગે તેમણે વર્ષ ૨૦૦૦ ના ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ મેળવનાર તેર વર્ષના બાળક ત્રિનાથને પણ યાદ કર્યો .જેણે આ રીતે ટુટેલા ટ્રેકની જાણ સમયસર કરી મોટો અકસ્માત અટકાવ્યો હતો. શાળાના આચાર્ય અને જિલ્લા અધિકારી દ્વારા નારાગની વેંકટેશ્વર રાવનું નામ ‘રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર’ માટે મોકલવામાં આવ્યું. તેને વર્ષ ૨૦૦૫ નો પુરસ્કાર દેશના વડાપ્રધાનના હસ્તે પ્રદાન કરવામાં આવ્યો.

**નટવર હેડાઉ**

# કેવા ગ્રહો ઘણું ભાગ્યોદય કરે

જીવનમાં ધન વગર કહી જ નથી ધન હોય તો દરેક કાર્ય આસાનીથી કરી શકાય છે. ધન હોય તો દાન પણ કરી શકે છે, યાત્રા પણ કરી શકે છે, પ્રવાસ પણ થાય છે અને બહેન ભાણેજમાં પણ રૂચિ રહે છે. માટે જ તો કહ્યું છે કે નાણાં વગરનો નાથીયો નાણે નાથાલાલ.. ધન માણસનું માનપાન વધારે છે. માટે જ આજના સમયમાં ધનની બહુ જરૂર હોય છે. ધન એ આજના જીવનમાં જરૂરી બની ગયું છે.




કેવા ગ્રહો વ્યકિતને બહુ જ ધનવાની ભાગ્યોદય કરાવે છે ?

જે જાતકની જન્મકુંડળીમાં ધન ભાવનો સ્વામી શુભ ગ્રહ સાથે કેન્દ્રમાં રહીને ધન ભાવને દેખતો હોય તેવા જાતકો દરેક દરેક રીતે ભાગ્યશાળી હોય છે.

દ્રષ્ટાંતકુંડળી: અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં ધન ભાવનો સ્વામી ચંદ્ર દશમા ભાવના સ્વામી ગુરૂ સાથે પતિમાં છે તેમજ આ બંને ગ્રહોની દ્રષ્ટી ધનવાન ઉપર પડે છે. જે આવા જાતકને અતીશય ધનવાન બનાવે છે. આવી વ્યકિતનું ધન કયારેય ખુટતું જ નથી.

નોંધ : જે જાતકના પગના તળીયામાં કે હથેળીમાં ત્રિશુલ, સ્વસ્તીક, આયનો, તલવાર, મુદગર, માળા જેવા ચિન્હો હોય તે તેઓ ૧૬ મા વર્ષથી ધનવાન થાય છે. આ યોગનો એક મુખ્ય પાસું છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા (મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# રાજયના ગામડાઓમાં પીવાના પાણીની કટોકટી દુર થશે ખરી ? મોટા ભાગના તળાવો-ડેમોના દેખાતા તળીયા

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

રાજયના કેટલાક જિલ્લાઓમાં કેનાલો તુટવાના બનાવો બન્યા બાદ જે રીતે પરીસ્થિતિને થાળે પાડવી જોઈએ તે રીતે કામગીરી થતી નથી. વેડફાતા પાણી માટે જવાબદાર કોણ ? આ સવાલ અગત્યનો કહી શકાય. સરકાર દ્વારા વિવિધ યોજનાઓ પાછળ કરોડોનું આંધણ થાય છે પરંતુ રાજયમાં કેનાલો બનાવવાની કામગીરીમાં જે ગેરરીતિ આચરવામાં આવી હોવાથી તેની ઉચ્ચ સ્તરે તપાસ ચલાવવી જોઈએ. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં કેનાલો તુટવાના વધુ બનાવો બન્યા છે. તેના કારણે કેનાલોનું પાણી વેડફાતા ખેતરોમાં ઉભા મોલ નાશ પામ્યા હતા. આ અંગે ખેડૂતોને બે બાજુથી માર સહન કરવો પડે છે. કેમ કે મોંઘા ભાવના બીજવારો, ખાતર અને સિંચાઈ માટેનું પાણી વિગેરે ખર્ચ માથે પડે છે.

કેનાલો શા માટે તુટી જાય છે તેની પાછળ માત્ર ને માત્ર ગેરરીતિ સિવાય કંઈ જ હોઈ શકે નહીં. સીમેન્ટ કાંકરા અને રેતી જો નિયમ અનુસાર વાપરવામાં આવી હોત તો કેનાલો તુટી શકી ન હોત.

વળી દર ઉનાળાના પ્રારંભથી જ રાજયમાં પીવાના પાણીની ગંભીર કટોકટી સર્જાતી હોય છે ત્યારે ગત વર્ષે ધારણા મુજબનો વરસાદ પડયો ન હતો અને આના પરિણામે ડેમોમાં પાણી ખુટી ગયો.. નદી નાળા તો વર્ષોથી સુકાયેલા નજરે પડે છે ત્યારે આગામી ઉનાળામાં પીવાના પાણીની રાજય સરકાર દ્વારા કઈ રીતની વ્યવસ્થા છે તે બાબતે રાજય સરકારે પોતાનું નિવેદન જાહેર કરવું જોઈએ. પશુપાલનનો ધંધો કરતાં લોકોને પશુઓ માટે પીવાના પાણીની જે જરૂરત છે તેમાંથી અમુક ટકા જ પાણી પશુપાલકોને મળે છે.

રાજયમાં પાણીની અછતવાળા વિસ્તારો કેટલા અને કયાં કયાં છે તેની એક યાદી પાણી પુરવઠા વિભાગે બનાવવી જોઈએ અને તેની સમીક્ષા કરવી જોઈએ. ગત વર્ષે સૌરાષ્ટ્રના ઘણા બધા વિસ્તારોમાં પીવાના પાણીની ભયંકર કટોકટી સર્જાઈ હતી. મહિલાઓ એકત્ર થઈને ગ્રામ પંચાયત કે નગરપાલિકામાં જઈને માટલા ફોડી તેમનો બળાપો કરાતો હોય છે. તેમ છતાં પીવાના પાણીની સમસ્યાને નિવારવા તંત્ર નિષ્ફળ રહ્યું છે.

રાજયના ઉંડાણવાળા વિસ્તારોમાં પાણીની કેટલી અછત વર્તાતી હશે તેનો ગામડાઓમાં જઈને જ તપાસ ચલાવવામાં આવે તે મહત્વની બાબત છે. ગાંધીનગરમાં એસી ચેમ્બરમાં બેસીને ગામડાઓના પાણીની અછતની સમીક્ષા થાય નહીં. પાણી અને ઘાસચારાની વ્યવસ્થા પ્રત્યેક ગામડામાં તાકીદે થવી જોઈએ. તેમાં કોઈ બાંધછોડ ચાલી શકે નહીં. રાજય સરકારે નર્મદાના ખાલી ડેમોમાં વહેતા કરે તો પીવાના પાણીની કટોકટીને નિવારી શકાય પરંતુ અણઘડ વહીવટના પરીણામે ઘણા બધા ગામડાઓમાં પાણીની સમસ્યા દર ઉનાળામાં ગંભીર બની રહેતી હોય છે ત્યારે અન્ય યોજનાઓમાં થોડો કાપ મુકીને પીવાના પાણીની વ્યવસ્થા માટે તદ્દન નવી યોજના સાકાર કરવી જોઈએ.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**સૌરાષ્ટ્રના ગામડાઓમાં પાણીના ટેન્કરોના થતા કાળા બજારથી સામાન્ય લોકો ત્રસ્ત**

# વિદ્યાર્થીની ખબર રાખશે એક નાનકડી ચિપ્સ

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

સ્કુલના વિદ્યાર્થીઓ પર હવે ગ્લોબલ પોજીશનિંગ સિસ્ટમ અર્થાત જીપીએસ દ્વારા નજર રાખવામાં આવશે. નોએડા સેક્ટર-૯૩ માં આવેલ પંચશીલ બાલક ઈન્ટર કોલેજ દેશની પ્રથમ સરકારી સ્કુલ હશે જ્યાં અત્યાધુનિક ટેકનિકના માધ્યમથી વિદ્યાર્થીઓની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવશે. તદઉપરાંત સ્કુલમાં ૩૫ હાઈ ઝૂમ સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવશે. આ અંગેના પ્રોજેક્ટનો સર્વે શરૂ થઈ ગયો છે. અને શાળાનો દાવો છે કે એક-બે મહિનામાં આ હાઈટેક સિસ્ટમ કામ કરવા લાગશે.

પંચશીલ બાળક ઈન્ટર કોલેજમાં ધો-૬ થી આ મિ માં ભણતાં ૪૨૦ વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહે છે. યોજના અનુસાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને એક માઈક્રોચીપ્સ આપવામાં આવશે. જેને પોતાના ખમીશના કોલરમાં લગાવવી અનિવાર્ય રહેશે. આ ચીપને જીપીએસથી જોડીને કોમ્પ્યુટરકૃત મોનીટરીંગ રૂમથી બધા પર નજર રાખવામાં આવશે. આ ઉપરાંત સ્કુલ અને હોસ્ટેલમાં ૩૫ હાઈઝૂમ સીસીટીવી કેમેરા પણ લગાડવામાં આવશે. જેને લોકલ એરીયા નેટવર્ક (લેન) થી જોડવામાં આવશે. આ આખી યોજના પર આશરે બે કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ લગાડવામાં આવ્યો છે. આ યોજના પૂર્ણ થતાં શાળા અને હોસ્ટેલમાં રહેતા દરેક વિદ્યાર્થી ની પળભરની ખબર રાખવામાં આવશે અને તેઓ ક્યારે શું કરે છે તેની પણ ખબર લગાવી શકાય છે. ઈન્ટર કોલેજના પ્રિન્સીપાલ ડો. સત્યવીર સિંહે બતાવ્યું કે આ પ્રોજેક્ટનું ટેન્ડર ભારત સરકારની કંપની ટેલી કોમ્યુનીકેશન ઈન્ડિયા લિ. ને આપવામાં આવ્યું છે.

આશરે બે મહિનાની અંદર મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ કાર્યરત થઈ જશે. એમણે વધુમાં બતાવ્યું કે આના દ્વારા દરેક વિદ્યાર્થીની ગતિવિધિ પર આસાનીથી નજર રાખી શકાશે. જો કોઈ હોસ્ટેલથી બહાર જશે તો તે અંગેની સુચના સ્કુલ પ્રશાસનને તરત જ મળી જશે. દેશની કોઈ પણ સરકારી સ્કુલમાં આ પ્રકારની યોજના જોવા મળતી નથી. જો આ પ્રોજેક્ટ સફળ થશે તો દેશની અન્ય સરકારી સ્કુલોમાં આ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ટી.સી.આઈ.એલ. આ પ્રોજેક્ટ પર કાર્ય શરૂ કરી દીધેલ છે. સ્કુલ અને હોસ્ટેલમાં આ કંપનીના અધિકારીઓ બે વાર સર્વે કરી ચુક્યા છે.

જો કે આ એક આમ વાત નથી કે એક માઈક્રોચિપ્સ દ્વારા વિદ્યાર્થીઓ પર નજર રાખી શકાય છે. વિદેશોમાં પણ ઘણા દેશોએ આ દિશામાં નક્કર પગલાં લઈને વિદ્યાર્થીઓ પર નજર રાખવામાં સફળતા મેળવી છે. કેલીફોર્નીયામાં એનાહેઈમમાં હાઈસ્કુલના બાળકોને એક અઠવાડિયા માટે માઈક્રોચિપ્સ લગાડવામાં આવી હતી. શિકાગોમાં આવેલ પાલોસ હાઈટસ સ્કુલના વિદ્યાર્થીઓને યુનિટ સૂટમાં ચિપ્સ લગાવીને વિદ્યાર્થીઓને ટ્રેડીંગ પર મોકલવામાં આવ્યા હતા.

હવે સમય દુર નથી જયારે સ્કુલોમાં ભણતા વિદ્યાર્થીઓ કે પછી હોસ્ટેલમાં રહેતા ગર્લ્સ અને બોયસ માટે કોલરમાં લગાવેલ ચિપ દ્વારા એ જાણી શકાશે કે તમારો લાડલો ભણવા જાય છે કે પછી મોજ મસ્તી કરવા ! **કમલેશ કંસારા**

CMYK

# રાધનપુરમાં માણસોની અવરજવરની જગ્યામાં વાહનો ઘૂસ મારે છે

પ્રતિ. રાધનપુર

રાધનપુરમાં નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા ચાર રસ્તા પાસે પુલ બનાવવામાં આવ્યો છે.આ પુલ નીચે બે જગ્યાએ માણસોને અવર જવર માટે રસ્તો રાખવામાં આવેલ છે. પરંતુ આ બન્ને રસ્તાઓમાંથી માણસ કરતાં જીપો, ટેક્ટ્રર, છકડા અને ઉંટલારી જેવા ઘૂસ મારે છે અને રોજ પસાર થાય છે. જેના કારણે માણસોને અવરજવર કરવામાં તકલીફ પડે છે. અને ક્યારેક અકસ્માતનો ડર રહે છે. નેશનલ હાઈવે ઓથોરીટી દ્વારા બંન્ને રસ્તા વચ્ચે લોખંડની પાઈપો મૂકવામાં આવે તો મોટા વાહનો નીકળી ના શકે.

# આજે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર કાંકણોલ હિંમતનગર ખાતે યોજાનાર વનવાસી સંમેલન

**પ.પૂ.સંત વિવેકસાગર સ્વામી ઉપસ્થિત રહેશે**




હિંમતનગર

તા. ૨૧/૫/૨૦૧૭ રવિવારના રોજ કાંકણોલ સ્થિત બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સૌપ્રથમવાર વનવાસી સમૂહ લગ્નોત્સવનું આયોજન કરેલ છે. પોશીના વિસ્તારના અંતરિયાળ ગામડાઓમાં વસતા વનવાસી ભાઈઓના લાભાર્થે બીએપીએસ સંસ્થા તરફથી સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૩૦ યુગલો વેદોક્ત વિધિથી લગ્નગ્રંથિથી જોડાશે. આ સાથે સાંજે ૬:૦૦થી ૮:૩૦ દરમ્યાન વિશ્વવંદનીય પ.પૂ.પ્રમુખ સ્વામી મહારાજને આજના દિને (૨૧/૫/૧૯૫૦) બીએપીએસ સંસ્થાના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા. તે નિમિત્તે તેમના જ લાડીલા હરિકૃષ્ણ મહારાજ તથા પૂ.વિવેકસાગર સ્વામીના સાંનિધ્યમાં ૬૭ મો પ્રમુખવર્ણી દિન ખૂબ ધામધૂમથી ઉજવાશે.

# હિંમતનગર ખાતે ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ડાક અદાલત યોજાશે

હિંમતનગર

ટપાલ સેવાને લગતા પ્રશ્નોના નિકાલ માટે હિંમતનગર ખાતે મુખ્ય પોસ્ટર ઓફિસના પહેલા માળે વિભાગીય કાર્યાલયમાં તા.૨૨ મે-૨૦૧૭ના રોજ ૧૫-૦૦ કલાકે ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અદાલતમાં ખાસ કરીને સાદી ટપાલ, રજિસ્ટર્ડ, મની ઓર્ડર, વી.પી. પાર્સલ, કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેન્ક તથા નાણાકીય ગોલમાલને લગતા પ્રશ્નો ચર્ચવામાં આવશે. જેથી દરેક સબંધકર્તાઓએ તેમના નીતિ વિષયક મુદ્દા સિવાયના પ્રશ્નો અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા વિભાગ, હિંમતનગરને મોડામાં મોડા તા.૨૦-૫-૨૦૧૭ સુધીમાં મળે તે રીતે મોકલી આપવા પોસ્ટ વિભાગ સાબરકાંઠા દ્વારા જણાવાયું છે.

# ઈડર ખાતે મફત તબીબી નિદાન અને સર્જરી કેમ્પનું આયોજન

હિંમતનગર

સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઈડર અને જયદિપ હોસ્પીટલ અમદાવાદના સંયુકત ઉપક્રમે મફત નિદાન અને સર્જરી કેમ્પનું આયોજન સામૂહિક આરોગ્ય કેન્દ્ર ઈડરીયા ગઢ પાસે, ઈડર ખાતે તા.૩૦-૫-૨૦૧૭ મંગળવારના રોજ સવારે ૧૧-૦૦ થી ૧-૦૦ કલાક દરમ્યાન આયોજન કરવામાં આવ્યું છે.

કેમ્પમાં ગુજરાત સરકારની મુખ્યમંત્રી અમૃત્તમ મા યોજના તથા મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજના અંતર્ગત નવજાત શીશુથી લઈ ૨૦ વર્ષ સુધીના બાળકોની તમામ પ્રકારની સર્જરી મફત કરવામાં આવશે તથા આંતરરાષ્ટ્રીય સંસ્થા સ્માઈલ ટ્રેન અંતર્ગત કપાયેલ હોઠ અને ફાટેલા તાળવાવાળા દર્દીઓ તેમજ આંતર રાષ્ટ્રીય સંસ્થા રીસર્જ ઈન્ટરનેશનલ અંતર્ગત દાઝયા પછી રહી ગયેલ ખોડખાંપણનું નિદાન તથા સર્જરી કરી આપવામાં આવશે. તેમજ જન્મજાત અન્ય ખોડખાંપણનું પણ નિદાન કરી સારવાર આપવામાં આવશે.

કેમ્પમાં અમદાવાદના ખ્યાતનામ ડૉ.જયુલ કામદાર(બાળકોના સર્જન) અને ડૉ.નિશ્ચલ નાયક (કોસ્મેટીક અને પ્લાસ્ટીક સર્જન) ઉપસ્થિત રહી સબંધીત તમામ લાભાર્થીઓને નિદાન તથા સારવાર નિશુલ્ક આપશે. તો સદરહું કેમ્પમાં લાભાર્થીઓને લાભ લેવ માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, સાબરકાંઠા દ્વારા એક યાદીમાં જણાવાયું છે.

# વિવિધ બજાર ભાવ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **થરાદ** | | ગવાર | ૬૪૦-૬૬૦ | **સિધ્ધપુર** | |
| જીરૂ | ૨૪૦૦-૩૫૭૧ | મેથી | ૫૫૨ | જીરૂ | ૩૧૭૩-૩૨૦૦ |
| ઈસ. | ૧૯૦૦-૨૨૩૦ | તમાકુ | ૭૦૦-૮૩૧ | વરી. | ૭૯૨-૧૦૮૧ |
| મેથી | ૫૫૦-૭૫૫ | **ધાનેરા** | | ઈસ. | ૧૫૫૧-૨૦૦૧ |
| અજમો | ૮૭૦-૧૮૫૦ | ઘઉં | ૩૦૫-૩૫૩ | રાયડો | ૬૪૦-૭૦૦ |
| રજકો | ૨૮૫૦-૩૩૫૦ | બાજરી | ૨૭૧-૩૦૯ | એરંડા | ૮૫૦-૯૦૯ |
| ગવાર | ૬૬૮-૬૮૬ | જવ | ૩૦૮ | મેથી | ૪૯૦-૫૭૬ |
| એરંડા | ૮૭૭-૮૮૬ | ચોળા | ૯૭૯ | જુવાર | ૩૮૦-૪૩૫ |
| રાયડો | ૬૬૦-૬૮૬ | ગવાર | ૬૪૭-૬૭૫ | ગવાર | ૬૨૧-૬૮૧ |
| વરી. | ૮૫૦-૧૦૧૫ | સરસવ | ૬૫૯-૭૮૫ | ઘઉં | ૩૦૨-૪૦૦ |
| **રાહ** | | રાયડો | ૬૨૦-૬૭૦ | બાજરી | ૨૫૬-૩૦૮ |
| એરંડા | ૮૭૫-૮૮૦ | એરંડા | ૮૫૦-૮૯૫ | જુવાર | ૩૮૬-૫૦૧ |
| રાયડો | ૬૬૦-૬૭૦ | ઈસ. | ૧૮૫૦-૨૧૦૦ | જવ | ૩૨૦-૩૪૧ |
| બાજરી | ૨૯૦-૩૧૫ | જીરૂ | ૩૦૦૦-૩૪૪૦ | સવા | ૯૮૫ |
| ચીકુડી | ૯૨૫-૯૫૦ | મેથી | ૫૫૭-૬૨૧ | **પાટણ** | |
| **થરા** | | સુવા | ૭૫૦-૯૬૮ | જીરૂ | ૨૫૦૦-૩૪૮૩ |
| જીરૂ | ૨૮૦૦-૩૫૭૦ | વરી. | ૯૦૦-૧૦૨૫ | વરીયાળી | ૮૫૦-૧૩૭૦ |
| એરંડા | ૮૮૦-૯૧૫ | રાજગરો | ૬૬૦-૮૦૨ | મેથી | ૪૦૦-૫૭૧ |
| વરીયાળી | ૧૦૫૦-૧૪૦૦ | અન્ય | ૭૦૦-૧૦૮૯ | સુવા | ૭૨૧-૧૦૬૮ |
| રાયડો | ૬૫૦-૬૬૦ | અજમો | ૭૦૦-૯૭૮ | રાજગરો | ૬૩૦-૭૧૮ |
| ગવાર | ૬૭૫-૬૮૧ | તલ | ૧૧૦૦-૧૨૦૦ | બંટી | ૨૮૦ |
| ઘઉં | ૨૯૦-૩૬૫ | રજકો | ૨૮૨૯ | રાયડો | ૬૩૦-૭૨૧ |
| બાજરી | ૨૭૦-૨૭૫ | **વાવ** | | એરંડા | ૮૬૦-૯૧૩ |
| રજકો | ૨૫૦૦-૩૩૬૦ | જીરૂ | ૨૮૦૦-૩૪૨૫ | ઘઉં | ૨૯૫-૩૮૫ |
| **ભીલડી** | | એરંડા | ૯૦૦-૯૨૧ | બાજરી | ૨૩૦-૩૦૦ |
| એરંડા | ૮૯૦-૯૧૫ | **વડગામ** | | જવ | ૨૯૮-૩૧૧ |
| રાયડો | ૬૪૫-૬૮૦ | ઘઉં | ૨૯૫-૩૪૧ | અડદ | ૮૨૫-૧૦૧૫ |
| રાજગરો | ૭૧૧-૭૯૮ | બાજરી | ૨૪૮-૨૬૨ | ગવાર | ૬૫૦-૬૮૫ |
| બાજરી | ૨૪૦-૨૫૨ | એરંડા | ૮૮૨-૮૯૦ | કપાસ | ૫૦૦-૮૭૦ |
| ઘઉં | ૨૯૦ | ગવાર | ૬૭૦-૬૭૬ | | |

# રાધનપુર પાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીની બેઠક મળી




પ્રતિ રાધનપુર

રાધનપુર પાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીની બેઠક કમિટીના ચેરમેન અંકુરભાઈ જોષીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં બાંધકામની મંજૂરીઓ માટે આવેલી ૪૦ થી વધુ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જયારે પાંચેક અરજીઓમાં પૂરતા પ્રમાણમાં કાગળો એટેચ ના હોવાથી જરૂરી કાગળોનીકર્દ્દહી પૂર્તતા માટે બાકી રાખવામાં આવી હતી. છેલ્લી બે બેઠકો દરમ્યાન બાંધકામની તમામ અરજીઓ મંજૂર કરવામાં આવી હોઈ હાલમાં કોઈ ભારણ નથી રહ્યું. આ પ્રસંગે ઈન્ચાર્જ ચીફ ઓફિસર સુથાર પ્રાંત અધિકારીના પ્રતિનિધિ ચંદ્રકાન્તભાઈ જીવરાણી, જિલ્લા ટાઉન પ્લાનિંગ કમિટીના ઓફિસર ચાવડા, પાલિકાના બાંધકામ સુપરવાઈઝર આર.સી. ગજ્જર સહિત કમિટીના સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# સાબરકાંઠા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિ બેઠક યોજાઈ

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી પી.સ્વરૂપના અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. બેઠકમાં તાલુકાવાર ઉનાળામાં પીવાના પાણીની મુશ્કેલી બાબતે વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને સબંધિત અધિકારીશ્રીઓના કાર્યક્ષેત્રમાં તાલુકામાં પીવાના પાણીની હાલની પરિસ્થિતિ અંગે ગામવાર માહિતી મેળવવા સૂચનાઓ આપી હતી. વધુમાં ગ્રામ પંચાયતોને ઉનાળામાં પાણીનો કરકસર પૂર્વક ઉપયોગ કરવા તથા ગામમાં લોકોને આ બાબતે લોકજાગૃતિથી સમજૂત કરવા જણાવાયું હતું.

જિલ્લા કલેકટરશ્રી દ્વારા આદિવાસી વિસ્તારોની પાણીની પરિસ્થિતિની જાણકારી મેળવી ફરિયાદોની સમીક્ષા કરી ઝડપથી કામગીરી કરવા અને ફરિયાદો ન મળે તે દિશામાં કામ કરવા જણાવી જિલ્લાની શાળાઓમાં પાણીની સુવિધા અંગેની સમીક્ષા કરી ટેલિફોનિક ફરિયાદો પણ સબંધિત પ્રાંત વિભાગીય સમિતિમાં રજુ કરી નિરાકરણ લાવવા સવિશેષ ભાર મૂકયો હતો. તેમજ દરેક તાલુકામાં પાણીની મુશ્કેલ ધરાવતા ગામોમાં ટેલિફોનથી ફરિયાદો વિશેની માહિતી મેળવી નિરાકરણ લાવવા જણાવ્યું હતું.

બેઠકમાં અધિક કલેકટરશ્રી વી.એલ.પટેલ, જિલ્લા આયોજન અધિકારીશ્રી જોષી, ટકાર્યપાલક ઈજનેરશ્રી આર.ઓ.પુરોહિત તેમજ સબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા.

**એક પ્રેરણાદાયી સાહસ...**

# ખેડૂત નથી છતાંય મલબારી નીમની ખેતી કરી...

હિંમતનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે રહેતા જી.કે.બાયોટેક એગ્રી-કલ્ચર્સ (જી.કે.ચંદન નર્સરી) ના માલિક મહેશભાઈ ખત્રીએ છેલ્લા નવ વર્ષથી ચંદનના રોપાનું વેચાણ તથા તેના ઉછેર અંગે માર્ગદર્શન આપીને સફળ કામગીરી કરી રહ્યા છે. તેમનું માનવું છે કે ચંદન, સાગ, મલબારી નીમ, વગેરે જેવા મુલ્યવાન વૃક્ષોનું વાવેતર ખેડુતો માટે ફીક્સ ડીપોઝીટ સમાન છે. પરંપરાગત ખેતીમાં રહેલા આર્થિક ઉતાર- ચઢાવને પહોંચી વળવા માટે, તથા મોટા સામાજીક ખર્ચાઓથી વંચિત થવા માટે આ પ્રકારનું વાવેતર ખુબ જ અસરકારક પરિણામ લાવી શકે. અમુક ચોક્કસ સમયગાળા બાદ ખેડૂત એકસાથે આવક મેળવીને આર્થિક રીતે સમૃધ્ધ થઈ શકે છે.

વળી વર્તમાન સમયમાં લાકડાની માંગની સામે પુરવઠો ઘણો જ ઓછો જોવા મળે છે. જેથી લાકડાની કિંમત દિવસે ને દિવસે વધતી જ જોવા મળે છે. આ તમામ બાબતો અંગે છેલ્લા નવ વર્ષથી ખેડૂતો સાથે સંકળાયેલા મહેશભાઈને વિચાર આવ્યો કે મુલ્યવાન લાકડાની ખેતી પોતે કેમ ના કરી શકે? આ વસ્તુ ખેડુતો માટે સારી છે, ફાયદાકારક છે તો પોતાના માટે કેમ નહી? અને પોતાની પાસે તો ખેતીની જમીન નથી (ખેડૂત નથી) તો આ પ્રકારનું કાર્ય ખેડૂત ન હોવા છતાંય કરી શકાય કે નહીં તે બાબતે રસકારી નીતિ-નિયમોની પુરી માહિતી એકઠી કરીને આઠ વર્ષના ભાડા કરાર પર ૩૫ વીઘા જમીન સફળ વાવેતર કર્યું છે. જે ખેતીની જમીન ધરાવતા નિરાશ, હતાશ તથા બિનસાહસિક ખેડૂતો માટે એક આશાભર્યું કિરણ સાબિત થાય તેમ છે.

વધુમાં મહેશભાઈએ જણાવ્યું કે મલબારી નીમ ૬ થી ૭ વર્ષે કટીંગ કરી શકાય છે. તથા એક વીઘામાં ૨૦૦ રોપાનું વાવેતર કરી શકાય છે. એક વૃક્ષમાંથી આશરે ૨૦-૨૫ ઘન ફુટ લાકડું મળે છે. જેની કિંમત ઓછામાં ઓછી ૩૫૦-૪૦૦ રૂા. (પ્રતિ ઘન ફુટ) ચાલે છે. ઓછામાં ઓછી આવક ૬૦૦૦ (પ્રતિ વૃક્ષ) ગણીએ તો વિઘાદીઠ (૨૦૦ રોપા ઠ ૬૦૦૦ રૂા.) ૩૨,૦૦,૦૦૦/- જેટલી (અંદાજિત) આવક મેળવી શકાય છે. જે પરંપરાગત ખેતી કરતાં ઘણી જ સારી કહેવાય. વળી, આ વૃક્ષનો વિકાસ સીધો જ થતો હોવાથી આંતર પાકની વધારાની આવક પણ મેળવી શકાય છે.

મલબારી નીમનો ઉપયોગ પ્લાયવુડમાં ખુબ જ મોટા પ્રમાણમાં થાય છે. ઉપરાંત દિવાસળી, ખોખા, પાટીયા, ટેકા, ફર્નિચર વગેરે બનાવવામાં પણ ખુબ ઉપયોગી છે. આટલી બધી જગ્યાએ વપરાતું હોવાથી ખુબ જ મોટું તથા સરળ બજાર મળી રહેશે.

# રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ- વિસનગરમાં દિવ્યાંગ- પ્રજ્ઞાચક્ષુ ભાઈ- બહેનોને જોડાવાની તક

મહેસાણા

રાષ્ટ્રીય અંધ - કલ્યાણ સંઘ- કડા રોડ, વિસનગરની સંસ્થામાં ચાલતા તાલીમી અભ્યાસક્રમોમાં શૈક્ષણિક વર્ષ જૂન- ૨૦૧૭ થી વહેલા તે પહેલાના ધોરણે નિઃશુલ્ક પ્રવેશ ચાલુ છે.

સંસ્થામાં ચાલતા અભ્યાસક્રમો (૧) સીસીસી કોમ્પ્યુટર અભ્યાસક્રમ (સરકાર માન્ય), (૨) સંગીત વિશારદ અભ્યાસક્રમ સરકાર માન્ય (૩) અગરબત્તી બનાવવાનો અભ્યાસક્રમ (૪)ઓફિસ ફાઈલ મેકીંગ (૫) બુક બાઈન્ડીંગ (૬) શીવણનો અભ્યાસક્રમ પ્રજ્ઞાચક્ષુ સિવાયના દિવંયાંગ ભાઈ- બહેનો માટે.

ઉપરોક્ત તાલીમમાં પ્રવેશ મેળવનાર દિવ્યાંગભાઈ- બહેનોને નિઃશુલ્ક ભોજન ભાઈઓ તથા બહેનો માટે રહેવા અંગે અલગ- અલગ હોસ્ટેલની વ્યવસ્થા તથા માસિક રૂા. ૪૫૦/- સ્ટાઈપેન્ડ પેટે આપવામાં આવશે.

અરજ કરનારે (૧) વિકલાંગતાના પ્રમાણપત્રની નકલ (૨) એલ.સી.ની નકલ (૩) છેલ્લી પરીક્ષાના પ્રમાણપત્રની નકલ (ઓછામાં ઓછું ધો.૮ પાસ),

સંપર્ક માટે- માનદમંત્રી, રાષ્ટ્રીય અંધ કલ્યાણ સંઘ, કડા રોડ, વિસનગર.

# ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા તાલુકા કક્ષાનો વર્કશોપ મહેસાણામાં યોજાયો

મહેસાણા

ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ દ્વારા છેવાડાના વ્યક્તિઓ સુધી બાળકોને લગતી વિકાસલક્ષી યોજનાઓ અને બાળ અધિકારોની જાગૃતિકરણ અર્થે સમગ્ર ગુજરાતમાં તાલુકા લેવલે ગામના સરપંચો, તલાટીઓ, આંગણવાડી કાર્યકર્તા બહેનો, સરકારી અધિકારીગણ માર્ગદર્શન તથા તાલીમ આપવાના હેતુસર અભિયાન ચાલુ કરાવેલ છે.

આ પ્રસંગે બાળ આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યા, ડાયરેક્ટર નિવાસી કલેક્ટર, ટી.ડી.ઓ. મામલતદારો, પ્રાંત કચેરીના અધિકારીઓ તથા વર્ષાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં જાગૃતિબેન પટેલે ગુજરાત રાજ્ય ભારત સંરક્ષણ આયોગની કામગીરી વિશે માહિતી આપી હતી. ડૉ.રાજુલબેન દેસાઈએ નારી અધિકારને લગતા કાયદાઓ જેવા કે, જુવે નાઈલ,જસ્ટીસ સ્નેકર-૨૦૧૫ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૧૨, જાતિય શોષણ સાથે રક્ષણ ધારો ૨૦૧૫ (પોસ્કો), બાળ મજૂરી, અધિનિયમન વિષય પર ૨૨ કેસ લૉ સામે રસપ્રદ માર્ગદર્શન આપેલ. તા. ૧૮,૧૯ મે ૨૦૧૭ એમ બે દિવસીય તાલુકા કક્ષાનો વર્કશોપ મહેસાણા ખાતે યોજાયો હતો.આ કાર્યક્રમની આભારવિધિ બાળ કલ્યાણ અધિકારીએ કરી હતી.

# હિંમતનગરઃ જીપનું ટાયર ફાટતાં ૩૦ ફૂટ ફંગોળાઈ

## આરોપી મહિલા અને કોન્સ્ટેબલનાં મોત

હિંમતનગર

હિંમતનગર સબજેલમાંથી હત્યાની તહોમતદાર મહિલાને અરવલ્લી જિલ્લાની સબલપુર કોર્ટમાં રજૂ કરવા લઈ જતી વખતે જવાનગઢ નજીક પોલીસ જીપનું ટાયર ફાટી જતાં સર્જાયેલા અકસ્માતમાં તહોમતદાર મહિલા અને પોલીસ કોન્સ્ટેબલને જીવલેણ ઈજાઓ થતાં વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જતી તખતે કાળ ભરખી ગયો હતો. જયારે ડ્રાયવર અને મહિલા લોક રક્ષકને હિંમતનગર સિવિલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

ગુરૂવારે સવારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી હત્યાની તહોમતદાર મહિલા જ્યોત્સનાબેન વિરજીભાઈ અસોડા (ઉ.વ.૪૦ રહે. પાલકુડોલ.તા.ભિલોડા) ને સબલપુર કોર્ટમાં રજૂ કરવાની હોવાથી હેડક્વાર્ટરમાં ફરજ બજાવતાં પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ.ડી.ગામેતી (ઉ.વ.૩૮), મહિલા લોકરક્ષક ભાવનાબેન.કે.બારીયા અને ડ્રાયવર બીજેશભાઈ કેશાભાઈ પટેલ પોલીસ જીપ લઈને નિકળ્યા હતા. નેશનલ હાઈવે નં-૮ ઉપર જવાનગઢ પાટીયા નજીક સવા દસેક વાગ્યેના સુમારે ટાયર ફાટી જતાં જીપ બે-ત્રણ પલટી ખાઈને રોડથી પચ્ચીસ-ત્રીસ ફૂટ દૂર દસેક ફૂટ નીચે પટકાઈ હતી અને ખેતરની વાડને અટકી ઉભી રહી હતી. ગાંભોઈ પી.એસ.આઈ. અભિષેક ધવને વિગત આપતાં જણાવ્યું હતું કે, ગુરૂવારે સવારે જવાનગઢ નજીક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મહિલા તહોમતદાર જયોત્સનાબેન અસોડાને જીવલેણ ઈજાઓ થતાં હિંમતનગર લાવી તાત્કાલિક વધુ સારવાર અર્થે અમદાવાદ લઈ જવાયા હતા. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્તોને હિંમતનગર સિવિલ લાવ્યા બાદ પોલીસ કોન્સ્ટેબલ બાબુભાઈ ગામેતીને પ્રાથમિક સારવાર આપી અમદાવાદ રીફર કરવાનો નિર્ણય લેવાયો હતો.

પરંતુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવે તે દરમિયાન તેમનુ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અમદાવાદ મોકલવામાં આવેલા જ્યોત્સનાબેન અસોડાનુ પણ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતુ. પોલીસ કર્મી બાબુભાઈ ગામેતીનું ફરજ દરમિયાન કરૂણ મોત નિપજતાં પોલીસ બેડામાં શોકની લાગણી ફેલાવા પામી હતી.

**મૃતકના નામ**
બાબુભાઈ ગામેતી (પો.કર્મી )
જ્યોત્સના(તહોમતદાર મહીલા)

**ઈજાગ્રસ્તોના નામ**
ભાવના બારીયા (લોક રક્ષક)
બ્રીજેશભાઈ પટેલ (ચાલક)

# ટીમ્બા પાસે છકડો અને કાર અથડાતાં એકનું મોત : સાત ઘાયલ

મહેસાણા

સતલાસણા તાલુકાના ટીમ્બા ગામ પાસેના ચાર રસ્તા પર છકડો રીક્ષા અને કાર વચ્ચે થયેલા અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું. જયારે સાત મુસાફરોને ઈજા થતાં ૧૦૮ મારફત ખેરાલુ તેમજ મહેસાણા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળતી વિગતો અનુસાર ટીમ્બા ચાર રસ્તા પાસે ગત ગુરૂવારે બપોરના સમયે એક કાર અને છકડા વચ્ચે અકસ્માત સર્જાયો હતો, આ ઘટનાની જાણ ૧૦૮ની ટીમને થતાં તેઓ ઘટના સ્થળે દોડી ગયા હતા, જો કે ઈજાગ્રસ્તોની સંખ્યા વધુ હોઈ ખેરાલુ ૧૦૮ ની ટીમે ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર આપી ખેરાલુ અને મહેસાણા ખાતે સારવાર અર્થે ઈજાગ્રસ્તોને ખસેડયા હતા. આ અંગેની જાણ સતલાસણાની પોલીસને થતાં તે ઘટના સ્થળે દોડી આવેલ.

આ અકસ્માતમાં ૫૦ વર્ષીય ઓસાભાઈ ડુંગરી (રહે.સોરાસણા તા.દાંતા) નું મોત નિપજ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લાની ૯ શાળાઓ દ્વારા સ્વૈચ્છિક રીતે શૈક્ષણિક ફીમાં રૂા. ૫૦૦ થી રૂ. ૫૦૦૦ સુધીની ફીમાં ઘટાડો

હિંમતનગર

શિક્ષણ વિભાગના પ્રયાસોના ભાગરૂપે રાજયના જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા શાળા સંચાલકો સાથે સંવાદ સાધીને ફી નિર્ધારણ અંતર્ગત શાળાની ફી ઘટાડવામાં રાજયભરમાં ચાલી રહેલા અભિયાનને નોંધપાત્ર સફળતા મળતી જાય છે. અમદાવાદ, ગાંધીનગર, કચ્છ જિલ્લા ઉપરાંત હવે સાબરકાંઠા જિલ્લાની ૯ પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ રૂા. ૫૦૦ થી મહત્તમ રૂા. ૫૦૦૦ ની શૈક્ષણિક ફીમાં ઘટાડો કરીને અન્ય શાળાઓ માટે પ્રેરક ઉદાહરણ પુરું પાડ્યું છે. જિલ્લા શિક્ષણાધિકારી, હિંમતનગર, સાબરકાંઠાની કચેરી પાસેથી મળેલી વિગતો પ્રમાણે જે તે શાળાએ શૈક્ષણિક ફીમાં કરેલા ઘટાડાની તુલનાત્મક વિગતો આ મુજબ છે.

**જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, હિંમતનગર, જિલ્લો સાબરકાંઠા**

| ક્રમ | શાળાનું નામ | વિભાગ | ૨૦૧૬-૧૭ ની ફી વિગત | ૨૦૧૭-૧૮ ની ફીની વિગત | ફીમાં કરેલ ઘટાડાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી કે.બી. દેસાઈ અબૃદા માધ્યમિક શાળા ઈડર | પ્રાથમિક | ૧૬૦૦૦ | ૧૫૦૦૦ | ૧૦૦૦ |
| ૨ | દિલ્હી પબ્લીક સ્કૂલ, હિંમતનગર | પ્રાથમિક | ૨૦૦૦૦ | ૧૫૦૦૦ | ૫૦૦૦ |
| ૩ | ટ્રીનિટી સ્કૂલ, તલોદ | પ્રાથમિક | ૧૬૦૦૦ | ૧૫૦૦૦ | ૧૦૦૦ |
| ૪ | શ્રી શ્રી બાલમંદિર વિજયનગર | પ્રાથમિક | ૧૫૫૧૦ | ૧૫૦૦૦ | ૫૧૦ |
| ૫ | એવરગ્રીન પબ્લીક સ્કૂલ,પાનોલ | પ્રાથમિક | ૧૨૦૦૦ | ૧૧૫૦૦ | ૫૦૦ |
| ૬ | દિલ્હી પબ્લીક સ્કૂલ, હિંમતનગર | માધ્યમિક | ૩૦૦૦૦ | ૨૫૦૦૦ | ૫૦૦૦ |
| ૭ | ફેઈથ સેકન્ડરી સ્કૂલ, હિંમતનગર | માધ્યમિક | ૨૬૫૦૦ | ૨૫૦૦૦ | ૧૫૦૦ |
| ૮ | એવરગ્રીન પબ્લીક સ્કૂલ, પાનોલ | ઉ.મા.વિ.પ્ર. | ૩૦૦૦૦ | ૨૬૫૦૦ | ૩૫૦૦ |
| ૯ | માણેકકૃપા વિદ્યામંદિર, હિંમતનગર | ઉ.મા.વિ.પ્ર. | ૩૧૦૦૦ | ૨૭૦૦૦ | ૪૦૦૦ |

# ઊંઝા પંથકમાં વધતી જતી ગુનાખોરીને લઈ આમપ્રજામાં ભયનો માહોલ

**પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને લઈ તર્ક વિતર્ક**

ઊંઝા

ઊંઝા વિસ્તારમાં છેલ્લા ઘણા વખતથી પોલીસ તંત્રની નિષ્ક્રિયતાને કારણે મિલકત વિરૂધ્ધના તેમજ અન્ય ગુનાઓનું પ્રમાણ ખુબ વધી જતાં સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતાં લોકો અસલામતીની લાગણી અનુભવી રહ્યા છે.

ઊંઝા તાલુકામાં ઊંઝા શહેર અને નજીકના યાત્રાધામ ઉનાવા ખાતે સ્વતંત્ર પોલીસ સ્ટેશનો આવેલા છે. આ બંન્ને પોલીસ મથકોની હદમાં છેલ્લા ઘણા વખતથી ધાડ, લૂંટ, ઘરફોડ ચોરીઓ, મંદિર વાહન, કેબલ, ઢોર, કૃષિ ચીજોની ચોરીઓ તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જાય છે. આ ઉપરાંત સમગ્ર વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓએ પણ ભારે ઉપાડો લીધો છે તેવું ચર્ચાય છે. છેલ્લા બે- ત્રણ વર્ષથી આ વિસ્તારમાં વધતી જતી ગુનાખોરી તેમજ સમાજ વિરોધી પ્રવૃત્તિઓને અટકાવવા તેમજ નિયંત્રિત કરવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડેલ છે તેવી છાપ પ્રજા માનસમાં ઉભી થઈ છે.

ઊંઝા પોલીસ મથકે છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન મિલકત વિરૂધ્ધના તેમજ અન્ય ગંભીર પ્રકારના ગુનાઓ નોંધાયા છે. જે પૈકી મોટાભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણ ઉકેલાયેલા રહ્યા છે. સ્થાનિક તથા જિલ્લા કક્ષાની લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા મિલકત વિરૂધ્ધના ગુનાઓના ભેદ ઉકેલવાની દિશામાં યોગ્ય તપાસ થતી નથી. તપાસના કામે ખંત અને મહેનતનો અભાવ વર્તાય છે. પરિણામે ગુનેગારોના મૂળ સુધી પહોંચી શકાતું નથી. તેમજ ચોરીમાં ગયેલ મુદ્દામાલ કબજે થઈ શકતો નથી. આમ કાગળ પર દોડતી તપાસથી ગુનાઓના ભેદ શોધી શકાતા નથી તેવા આક્ષેપો પ્રજામાં થઈ રહ્યા છે.

કહે છે કે, મિલકત વિરૂધ્ધના ગુનાઓના ભેદ ઉકેલવામાં ખાસ્સી મહેનત કરવી પડે છે અને આર્થિક રીતે કંઈ લાભ થતો નથી. એટલે આવા ગુનાઓની તપાસમાં ખાસ રસ દાખવાતો નથી. આવી સ્થિતિમાં વણ ઉકેલાયેલ ગંભીર પ્રકારના ગુનાઓની સંખ્યા વધતી જાય છે.

વધુમાં સ્થાનિક પોલીસ તંત્રની કથિત રહેમનજર તળે દેશી વિદેશી દારૂ, જુગારના અડ્ડાઓ, ક્રિકેટ સટ્ટો તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓ અનિયંત્રિતપણે ચાલી રહી હોવાનો લોકપોકાર ઉઠ્યો છે. કથિત હપ્તાના પ્રતાપે આ વિસ્તારમાં અસામાજીક પ્રવૃત્તિઓ ફુલીફાલી છે. સ્થાનિક પોલીસ તંત્ર દ્વારા જાહેર માર્ગો પરની અડચણોને દૂર કરવામાં તેમજ ટ્રાફિકનું નિયમન કરવામાં સ્થાનિકપોલીસતંત્ર નિષ્ફળ નિવડ્યું છે.

ગામમાં પોલીસ સ્ટેશન થવા છતાં યોગ્ય રીતે નાઈટ પેટ્રોલીંગ થતું નથી. સમાજ વિરોધી પ્રવૃત્તિઓને ડામવા માટે અસામાજીક તત્વો વિરૂધ્ધ પાકા જામીન લેવા, હદપાર કરાવવા, પાસા જેવા અસરકારક પગલાં ભરાતા નથી.

# Ëey lËh{ky zÃkzÍ Lk{f lkLk{k ÷k¾ý ehsü h½ðkLkke [lke..VheÞkË{Rky fus Ãlq rðrÄ{kk{ïwÞ{ÞleVÃÃkÚkík

yuf ð»ko{kt ©eLkkÚkS yÃkLkk ½h{kt Ãkkt[-Ãkkt[ ðkh [kuhe
çku ÷k¾Lke [kuhe Aíkkt Ãkku÷eMku {kºk Yk.1.h0 ÷k¾Lk

íkk÷wfk «ríkLkeÄe

ËeykuËh þnuh yLku [kuhku yu òýu fu Mkk{Úk nkuÞ íku{ [kuheLkk Mke÷Mke÷ku ÞÚkkðík Ãkku÷eMk [kuhkuLku òýu fu rLk»V¤ hne {nuMkwMk ÚkkÞ Au. ÚkÞu÷ [kuheLku íkku Lku [kuheykuLku òýu «ÞkMk ÚkE hîkku Au.

ËeykuËh Ãkku÷eMk ðknLkku ÷E nku{økkzo MkkÚku ÷E yzÃke ÷kufuLku nuhkLk íkhMfku Ãkfzðk{kt fu{ rLk»V¤ hne Au. íku «ò{kt ÃkwAkE hÌkw Au.

ËeykuËh Lkøkh{kt rþnkuhe WÃkh ykðu÷ ©eLkkÚkS yÃkLkk½h{kt yk ð»ko{kt yÃkLkkÚk Ãkkt[ ðkh [kuhe ÚkE Au.

## su{Lke [kuhe Ark VheÞkË{kt LkkU

økkiMðk{e ËeÃkf¼kE Yk.Ãk0 nòh hkufzk ÷k¾Lkk [ktËeLkk ËkøkeLkk ÚkE ytËkSLke Yk.1.70 ÷k¾Lke [kuhe ¼híkÞ¼kE yu{.¼kxe

ðrªkõ yðkËeÄ{k ykÞ ÞkrÞ ÷k¾Lke [kuhe

## [kuhkuLkk Mkk{úík íkuðku sLkík

## çkuMkýw

Mð. [tÃkkçkuLk [e{Lk÷k÷ íðuhe

Mð. íkk. 19/Ãk/h017

zku. rðsÞ Mke. íðuhe
Mkwhuþ[tÿ Mke. íðuhe fehex Mke. íðuhe
íkÚkk Mkn Ãkrhðkh

## çkuMkýw

y{khk Ãkq{ßÞ rÃkíkk

Mð. hk{Mkwtøk¼kE nu{hksLkkE

Mð. ÷k÷S¼kE hk{Mkwtøk¼kE
®[íkLk¼kE hk{Mkwtøk¼kE
«rðý¼kE hk{Mkwtøk¼kE
LkhuLÿ¼kE hk{Mkwtøk¼kE

¾kuxk ÃkkkMkÃkkuxo îkhk çkøkËkÚk sLkkh
nuX¤ ykE.yuMk.MkkÚku òzkÞu÷ Au fu fu{

## (çkÃkkuhku

Mð. LkkøkS¼kE
nu{k¼kE fktË¤e
Mð. íkk. 19/Ãk/h017

MÚk¤ : ÷k¾yeUke ¼e{kS økku¤eÞk sðkLkk fk{k hMíkk
{w. Ãkku. íkk. ÷k¾ýe rs.çkLkkMkfktXk {ku. 73597 9489

{÷k¼kE LkkøkS¼kE fktË¤e
søkíkk¼kE LkkøkS¼kE fktË¤e
¼kh{÷kE LkkøkS¼kE fktË¤e
{kÄk¼kE suXk¼kE fktË¤e
yktck¼kE suXk¼kE fktË¤e
{k÷k¼kE suXk¼kE fktË¤e
(rþûkf «k.þk¤k Lkt. h ÷k¾ýe)

Mk{Mík fktË¤e Ãkheðkh ÷k¾ýe